ગુણાનુવાદ-દ્વિતીય પુષ્પ

© સર્વ હક પ્રકાશકને સ્વાધીન
આ પુસ્તિકા તેમજ તેનો કોઈપણ ભાગ પ્રકાશકની પૂર્વ સંમતિ સિવાય છાપવો નહિ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરુચ શાખા વતી
શ્રી વૈકુંઠભાઈ શંકરલાલ ભગત - ભરૂચ.

પ્રકાશક : પ્રાપ્તિસ્થાન :

શ્રી વૈકુંઠભાઈ શંકરલાલ ભગત
સી/૮, શ્રી રેસીડેન્સી, સિવિલ હોસ્પિટલ પાછળ,
ભરૂચ-૩૯૨ ૦૦૧
ટે.નં. : (૦૨૬૪૨) ૨૬૫૪૦૩

આવૃત્તિ :
પ્રથમ
પ્રત : ૧૦૦૦
વિક્રમ સંવત ૨૦૬૭
પોષ સુદ ૧૫,
તા. ૧૯-૧-૨૦૧૧

નિભાવ ન્યોછાવર :
રૂા. ૩૦/-

(તા. ક. :– બહારગામથી મંગાવનારને કુરિયર દ્વારા જ મોકલાવાશે. (પોસ્ટમાં પ્રત ન મળ્યાની ફરિયાદો આવી છે) એક પ્રતનો કુરિયર ચાર્જ રૂા. ૨૦/– છે. વધુ પ્રત જોઈતી હોય તો ફોન દ્વારા સંપર્ક કર્યા બાદ રકમ મોકલવા વિનંતી)

મુદ્રણ સ્થાન :
મૌલિક ઓફસેટ
એ-૮/૫, પટેલ સુપર માર્કેટ, ભરૂચ. ફોન : ૨૨૧૭૨૦

તા.ક. આ પુસ્તિકામાં કોઈ ક્ષતિ-ભૂલ દેખાય તો તરત જ નીચે દર્શાવેલા સ્થળે સંપર્ક કરવા નમ્ર વિનંતી.
સી/૮, શ્રી રેસીડેન્સી, સિવિલ હોસ્પિટલ પાછળ,ભરૂચ-૩૯૨૦૦૧
ટે.નં. : (૦૨૬૪૨)૨૬૫૪૦૩ (સવારે ૧૧ પછી સંપર્ક કરવા વિનંતી)

॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

## ॥ શ્રીગોપીનાથપ્રભુચરણવિરચિતમ્‌નિત્યસેવાવિધિશ્લોક ॥

### ॥ વિસ્તૃત સાન્વય ભાવાર્થ ॥

**પ્રાતરુત્થાય સવિધાનં સ્નાત્વા શ્રીમદાચાર્યાન્ સ્મૃત્વા**
**ભગવન્મંદિરં પ્રાર્થયિત્વા નમસ્કૃત્ય માર્જનાદિકં કુર્યાત્ ।**

<u>સંધિવિગ્રહ :–</u> પ્રાતરુત્થાય – પ્રાતઃ+ઉત્થાય; (શ્રીમદાચાર્યાન્ – શ્રીમત્+આચાર્યાન્; (ભગવન્મંદિરં – ભગવત્+મંદિરં); (માર્જનાદિકં – માર્જન+આદિકં)

<u>શબ્દાર્થ અન્વયાર્થઃ :–</u> પ્રાતઃ–સવારમાં; ઉત્થાય–(વહેલા) ઊઠીને; સવિધાનં વિધિપૂર્વક; સ્નાત્વા–સ્નાન કરીને; શ્રીમદાચાર્યાન્– શ્રીમહાપ્રભુજીનું; સ્મૃત્વા–સ્મરણ કરીને, ભગવન્મંદિરં–ભગવાનનાં મંદિરની; પ્રાર્થયિત્વા–પ્રાર્થના કરીને; નમસ્કૃત્ય–(તેમજ) નમન કરીને; માર્જનાદિકં–(દર્ભ વડે જળ છાંટીને મંદિરસ્થાન તથા પાત્રો વગેરેને) સ્વચ્છ (સાફ); કુર્યાત્–કરવાં જોઈએ.

<u>ભાવાર્થ :–</u> સવારમાં વહેલા ઊઠીને વિધિપૂર્વક સ્નાન કરીને શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરીને ભગવાનનાં મંદિરની પ્રાર્થના કરીને તેમજ નમન કરીને પાત્રો વગેરેને સ્વચ્છ કરવાં જોઈએ. (માંજવાં જોઈએ.)

**ભગવદ્ધામ! ભગવન્ . નમસ્તેઽલંકરોમિ તત્ ॥**
**અંગીકુરુ હરેરર્થે ક્ષાન્ત્વા પાદોપસ્પર્શનમ્ ॥૧॥**

<u>સંધિવિગ્રહ :–</u> ભગવદ્ધામ – ભગવત્+ધામ; નમસ્તેઽલંકરોમિ નમઃ+તે+અલંકરોમિ; (હરેરર્થે – હરેઃ+અર્થે); પાદોપસ્પર્શનં–પાદ+ઉપસ્પર્શનં;

<u>શબ્દાર્થ અન્વયાર્થ :–</u> ભગવન્ – હે ભગવાન ! (સમું); ભગવદ્ધામ– હે ભગવન્મંદિર; નમઃ તે – આપને નમસ્કાર; તત્ – તેને; અલંકરોતિ – શણગારું

છું (સુશોભિત કરું છું); પાદ ઉપસ્પર્શનં – પગ અડી જવાથી (થતા દોષને); ક્ષાંત્વા – ક્ષમા કરીને; હરેઃ – શ્રીહરિને કાજે (તેનો); અંગીકુરુ – અંગીકાર કરો;

<u>ભાવાર્થ :–</u> ભગવાન સમા હે ભગવન્મંદિર ! આપને નમસ્કાર; તેને (મંદિરને) શણગારું છું; (પણ તેને) પગ અડી જવાથી થતા દોષને ક્ષમા કરીને શ્રીહરિને કાજે (તેનો) અંગીકાર કરો. (૧)

**માર્જનં કૃષ્ણગેહસ્ય મનોવિપક્ષકં રજઃ।**
**નાશમેતિ તદર્થં ચ માર્જયામિ તથાસ્તુ મે ॥૨॥**

<u>સંધિવિગ્રહ :–</u> (મનોવિપક્ષકં – મનઃ+વિપક્ષકં); નાશમેતિ – નાશં + એતિ; (તદર્થં – તત્+અર્થં); તથાસ્તુ – તથા+અસ્તુઃ

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> કૃષ્ણગેહસ્ય – શ્રીકૃષ્ણના ગૃહ (મંદિર, ધામ)નું; માર્જનં – માર્જન (સ્વચ્છ) કરવું (સાફસૂફ કરવું) (જેથી રજોગુણનો નાશ થાય); રજઃ – રજ/ધૂળ (મનોદોષ); મનઃ વિપક્ષકં – મનનું વેરી છે (તેથી); (તેનો) નાશં–નાશ; એતિ– થાઓ ! થાય; તત્ અર્થ – તે માટે; (અહં–હું પણ) (મારા મનોદોષનું; માર્જયામિ–માર્જન કરું છું; તથા – તે પ્રમાણે; મે–મારા (મનોદોષનું) (માર્જન); અસ્તુ – થાઓ.

<u>ભાવાર્થ :–</u> શ્રીકૃષ્ણનાં ધામનું માર્જન (સાફસૂફ) કરવું (જેથી રજોગુણનો નાશ થાય) (મનોદોષરૂપી) રજ/ધૂળ મનનું વેરી છે તેથી તેનો નાશ થાય તે માટે હું પણ મારા મનોદોષનું માર્જન કરું છું, તે પ્રમાણે મારા મનોદોષનું પણ માર્જન થાઓ. (૨)

**આત્મનોઽજ્ઞાનરૂપસ્ય દુરિતસ્ય ક્ષયાય હિ ।**
**કરોમિ સેકોપલેપૌ ત્વદ્‌ગૃહે ગોકુલેશ્વર ॥૩॥**

<u>સંધિવિગ્રહ :–</u> આત્મનોઽજ્ઞાનરૂપસ્ય – આત્મનઃ+અજ્ઞાનરૂપસ્ય; (સેકોપલેપૌ – સેક+ઉપલેપૌ); (ત્વદ્‌ગૃહે+ત્વત્‌ગૃહે); (ગોકુલેશ્વર– ગોકુલ+ઈશ્વર);



<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> ગોકુલેશ્વર – હે ગોકુલેશ પ્રભુ !; આત્મના – પોતાના; અજ્ઞાનરૂપસ્ય – અજ્ઞાનરૂપી; દુરિતસ્ય–પાપનો; ક્ષયાય–હિ – ખરેખર નાશ થાય તે માટે; ત્વત્‌ગૃહે – આપનાં ગૃહ (મંદિર)માં; સેક–જળ નો છંટકાવ; (તથા) ઉપલેપૌ – લીપણ; કરોમિ – કરું છું;

<u>ભાવાર્થ :–</u> હે ગોકુલેશ પ્રભુ ! પોતાના અજ્ઞાનરૂપી પાપનો ખરેખર નાશ થાય તે માટે આપના ગૃહ (મંદિર)માં જળનો છંટકાવ તથા લીપણ કરું છું. (૩)

**સિંહાસનં મદ્હૃત્પદ્મરૂપં સજ્જીકરોમ્યહમ્ ।**
**શ્રીગોપીશોપવેશાર્થં તથા તદ્યોગ્યતાં ભજ ॥૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> મદ્હૃત્પદ્મરૂપં – મત્+હૃદ્+પદ્મરૂપં; સજ્જીકરોમ્યહં– સજ્જીકરોમિ+અહં; (શ્રીગોપીશોપવેશાર્થં – શ્રીગોપીશ+ઉપવેશ+અર્થં); (તદ્યોગ્યતાં – તત્+યોગ્યતાં); (ઉપવેશ – આસન)

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> શ્રીગોપીશોપવેશાર્થં – શ્રીગોપીશ પ્રભુના આસન માટે; મત્–મારા; હૃદ્–હૃદય; પદ્મ–કમલ; રૂપં–રૂપ; સિંહાસનં – સિંહાસન; અહં–હું; સજ્જીકરોમિ – તૈયાર કરું છું; તથા–તે પ્રમાણે; તદ્યોગ્યતાં – તે યોગ્યતાને; ભજ–પ્રાપ્ત થાય;

<u>ભાવાર્થ :–</u> શ્રીગોપીશ પ્રભુના આસન માટે મારાં હૃદયકમલરૂપ સિંહાસન હું સજ્જ કરું છું; તે પ્રમાણે તે યોગ્યતાને પ્રાપ્ત થાય (૪)

**ઈમાનિ પાનીયપાત્રાણિ' વ્રજનાથાય કલ્પિતાનિ ।**
**રાધાધરાત્મકત્વેન ભૂયાત્ તદ્રૂપમેવ તત્ ॥૫॥**

<u>સંધિવિગ્રહ :–</u> રાધાધરાત્મકત્વેન – રાધા+અધર+આત્મકત્વેન; (આત્મકત્વેન –ગુણધર્મવાળા); ભૂયાત્ તદ્રૂપમેવ – ભૂયાદ્+તદ્+રૂપં+એવ;

<u>શબ્દાર્થ અન્વયાર્થ :–</u> ઈમાનિ–આ; પાનીયપાત્રાણિ – પાણી ભરવાનાં પાત્ર (વાસણ); વ્રજનાથાય – શ્રીવ્રજનાથ (કૃષ્ણ) માટે, કલ્પિતાનિ – તૈયાર કરાયાં છે; રાધાઅધર – રાધાજી (શ્રીસ્વામિનીજી)ના અધરના/ હોઠના; આત્મકત્વેન – ગુણધર્મવાળા; તદ્રૂપં – તે જ રૂપ/સ્વરૂપનાં; ભૂયાત્ – થાઓ;

ભાવાર્થ :– આ પાણી ભરવાનાં પાત્ર શ્રીવ્રજનાથ (કૃષ્ણ) માટે તૈયાર કરાયાં છે; શ્રીરાધાજીના અધરના ગુણધર્મ વાળા તે જ સ્વરૂપનાં થાઓ. (૫)

**સ્વામિનીકરરૂપાણિ ભાવસ્વર્ણમયાનિ વૈ ।**
**શ્રીકૃષ્ણભોજ્યપાત્રાણિ સન્તુ તે મત્કૃતાનિ હિ ॥૬॥**

સંધિવિગ્રહ :– (મત્કૃતાનિ – મત્+કૃતાનિ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– તે – તે; મત્કૃતાનિ – મારાથી તૈયાર કરાયેલાં; સ્વામિનીકરરૂપાણિ – શ્રીસ્વામિનીજીનાં કર સ્વરૂપવાળાં; વૈ – ખરેખર; ભાવસ્વર્ણમયાનિ – સુવર્ણમય (સોનાનાં જ) હોય તેવાં; શ્રીકૃષ્ણ – શ્રીકૃષ્ણનાં; ભોજ્ય – ભોજન માટેનાં; પાત્રાણિ – પાત્રો; સન્તુ – થાઓ.

ભાવાર્થ :– તે, મારાથી તૈયાર કરાયેલાં, શ્રી સ્વામિનીજીના કર સ્વરૂપવાળાં ખરેખર સોનાનાં જ હોય તેવાં, શ્રીકૃષ્ણ પ્રભુનાં ભોજન માટેનાં પાત્રો થાઓ. (૬)

**ઉદેતિ સવિતા નાથ ! પ્રિયયા સહ જાગૃહિ ।**
**અંગીકુરુષ્વ મત્સેવાં સ્વકીયત્વેન માં વૃણુ ॥૭॥**

સંધિવિગ્રહ :– (મત્સેવાં – મત્+સેવાં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– નાથ – હે નાથ (શ્રીગોવર્ધનનાથ); સવિતા – સૂર્યદેવતા; (હવે) ઉદેતિ – ઉદય પામશે; (આપ) પ્રિયયા – શ્રીપ્રિયાજી (સ્વામિનીજી)ની; સહ – સાથે; જાગૃહિ – જાગો; મત્ સેવાં – મારી સેવા (અમારી સેવા); અંગીકુરુષ્વ – અંગીકાર કરો; (તથા) મામ્ – મને; સ્વકીયત્વેન – પોતાનો હોવાથી (આપનો પોતાનો કરી); વૃણુ – સ્વીકારો.

ભાવાર્થ :– હે (શ્રીગોવર્ધન) નાથ ! સૂર્યદેવતા હવે ઉદય પામશે. આપ શ્રીપ્રિયા(સ્વામિની)જીની સાથે જાગો; અમારી સેવા અંગીકાર કરો તથા મને આપના નિજ (પોતા)ના કરી(જાણી) સ્વીકાર કરો (વરણ કરો) (૭)

**ક્રીડાત્મસાધનયુત મદ્હૃદ્ધામાક્ષરાત્મકમ્ ।**
**આસ્થાય ગોકુલાધીશ ! રમસ્વ કૃપયા મયિ ॥૮॥**



સંધિવિગ્રહ :– મદ્હૃદ્ધામાક્ષરાત્મકમ્ – મત્+હૃદ્+ધામ+અક્ષરાત્મકં); (ગોકુલાધીશ – ગોકુલ+અધીશ)

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોકુલાધીશ – હે શ્રીગોકુલનાથજી; ક્રીડા – લીલા (રમણ) માટેના; આત્મસાધન – નિજસાધન; યુત–યુકત; મત્–મારું; હૃદ્–હૃદય–રૂપી; ધામ–ધામ; અક્ષરાત્મકં – અક્ષરાત્મક છે; (તો) મયિ – મારા ઉપર; કૃપયા – કૃપા કરી; (તેમાં) આસ્થાય આદર(શ્રદ્ધા) પૂર્વક; રમસ્વ – રમણ કરો;

ભાવાર્થ :– હે શ્રીગોકુલનાથજી ! ક્રીડા (લીલા/રમણ) માટેના નિજસાધનયુકત મારા હૃદયરૂપી અક્ષરાત્મક ધામમાં મારા ઉપર કૃપા કરી તેમાં આદરપૂર્વક રમણ કરો (૮)

**ભાવાત્મકતયા કલૃપ્ત સ્વોત્તરીયાત્મકાસને ।**
**સિંહાસને ગોકુલેશ . કૃપયોપવિશ પ્રભો ॥૯॥**

સંધિવિગ્રહ :– સ્વોત્તારીયાત્મકાસને – સ્વ+ઉત્તરીય+આત્મક+આસને); (સિંહાસને – સિંહ+આસને;) (ગોકુલેશ – ગોકુલ+ઈશ); કૃપયોપવિશ – કૃપયા+ઉપવિશ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોકુલેશ પ્રભો – હે શ્રીગોકુલનાથ પ્રભુ; ભાવાત્મકતયા કલૃપ્ત – ભાવાત્મકતાથી પૂર્ણ; સ્વ ઉત્તરીય – મારા ઉત્તરીય (ખેસ) રૂપી; આસને સિંહાસને – આસન – સિંહાસન ઉપર; (આપ) કૃપયા–કૃપા કરી; ઉપવિશ–બિરાજો (બેસો)

ભાવાર્થ :– હે શ્રીગોકુલનાથ પ્રભુ ! ભાવાત્મકતાથી (ભાવથી)પૂર્ણ એવા મારા ઉત્તરીય (ખેસ)રૂપી સિંહાસન ઉપર આપ કૃપા કરી બિરાજો (૯)

**યાદૃશોઽસિ હરે ! કૃષ્ણ ! તાદૃશાય નમો નમઃ ।**
**યાદૃશોઽસ્મિ હરે ! કૃષ્ણ ! તાદૃશં માં હિ પાલય ॥૧૦॥**

સંધિવિગ્રહ :– યાદૃશોઽસિ – યાદૃશઃ+અસિ; નમો નમઃ – નમઃ+નમઃ; યાદૃશોઽસ્મિ – યાદૃશઃ+અસ્મિ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> હરે કૃષ્ણ – હે હરિ ! હે કૃષ્ણ !; (આપ) યાદૃશઃ – જેવા; અસિ – છો; તાદૃશાય – તેવા આપને; નમોનમઃ – વારંવાર નમન હો; હરે કૃષ્ણ – હે હરિ ! હે કૃષ્ણ !; (હું) યાદૃશઃ – જેવો; અસ્મિ છું; તાદૃશં – તેવા; માં – (મને) મારું; (હિ – જ); પાલય – રક્ષણ કરો;

<u>ભાવાર્થ :–</u> હે હરિ ! હે કૃષ્ણ ! આપ જેવા છો તેવા આપને વારંવાર નમન હો; હે હરિ ! હે કૃષ્ણ ! હું જેવો છું તેવા મારું રક્ષણ કરો. (૧૦)

**નમો નમોસ્તુ તે રાધે ! શ્રીકૃષ્ણરમણપ્રિયે ! ।**
**સ્વપાદપદ્મરજસા સનાથં કુરુ મચ્છિરઃ ॥૧૧॥**

<u>સંધિવિગ્રહ :–</u> નમો નમોઽસ્તુ – નમઃ+નમઃ+અસ્તુ; મચ્છિરઃ–મત્+શિરઃ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> શ્રીકૃષ્ણરમણપ્રિયે રાધે – શ્રીકૃષ્ણને લીલામાં પ્રિય એવા હે શ્રીરાધાજી; તે – તમને/આપને; નમઃ નમઃ – વારંવાર નમન (અસ્તુ) હો; સ્વ – આપનાં; પાદપદ્મ – ચરણ કમળની; રજસા – રજથી; મત્ શિરઃ – મારું મસ્તક (મારા મસ્તકને); સનાથં – સનાથ; કુરુ – કરો;

<u>ભાવાર્થ :–</u> શ્રીકૃષ્ણને લીલામાં પ્રિય એવા હે શ્રીરાધાજી ! આપને વારંવાર નમન હો; આપનાં ચરણકમળની રજથી મારા મસ્તકને સનાથ કરો. (૧૧)

**(તતઃ શ્રીમદાચાર્યાન્ નમસ્કુર્યાત્)**

<u>સંધિવિગ્રહ :–</u> (શ્રીમદાચાર્યાન્ – શ્રીમત્+આચાર્યાન્; નમસ્કુર્યાત્ – નમઃ+કુર્યાત્;

<u>શબ્દાર્થ, ભાવાર્થ :–</u> (તતઃ–પછી; શ્રીમદાચાર્યાન્ – શ્રીઆચાર્યચરણોને; નમઃ કુર્યાત્ – નમન કરવું;) પછી શ્રીઆચાર્ય ચરણોને નમન કરવા.

**ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુજરેણવઃ ॥**
**સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧૨॥**

<u>સંધિવિગ્રહ :–</u> ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુજરેણવઃ –



ચિંતાસંતાનહંતારઃ+યત્+પાદ+અંબુજરેણવઃ; તાન્નિજાચાર્યાન્ – તાન્+નિજાચાર્યાન્; મુહુર્મુહુઃ – મુહુઃ+મુહુઃ

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> યત્–જેમનાં; પાદ–ચરણ; અંબુજ–કમળની; રેણવઃ–રેણુઓ (રજ, ધૂળ); સ્વીયાનાં–પોતાના (સેવકોની); (ચિંતા– ચિંતા) સંતાન – અતિશય, ખૂબ; ચિંતા – ચિંતાઓને; હંતારઃ – દૂર કરનારા છે તેવા; નિજાચાર્યાન્ – પોતાના (આપણા સહુના) આચાર્યાન્ – આચાર્ય (શ્રીમહાપ્રભુજી)ને; મુહુઃ મુહુઃ – વારંવાર વારંવાર; પ્રણમામિ – પ્રણામ કરું છું;

<u>ભાવાર્થ :–</u> જેમનાં ચરણકમળની રજ પોતાના સેવકોની અતિશય ચિંતાઓને દૂર કરનારાં છે તેવા આપણા પોતાના આચાર્યશ્રી શ્રીમહાપ્રભુજીને હું વારંવાર પ્રણામ કરું છું. (૧૨)

**વ્રજસ્ત્રીકરયુગ્માત્મયંત્રે પાત્રં ચ તન્મયમ્ ॥**
**સ્થાપિતં તે ભોજનાર્થં યોગ્યભોજ્યાન્નસંભૃતમ્ ॥૧૩॥**

<u>સંધિવિગ્રહ :</u> (યુગ્માત્મયંત્રે – યુગ્મ+આત્મયંત્રે; યંત્ર–સાધન); (ભોજ્યાન્ન – ભોજ્ય+અન્ન);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> તન્મયં વ્રજસ્ત્રી – તન્મય એવી વ્રજવનિતાઓના; કરયુગ્મ (યુગ્મ–યુગલ); યુગલ કરોમાં; આત્મયંત્રે – નિજ સાધનથી; સંભૃતં – તૈયાર કરેલું; યોગ્ય ભોજ્યાન્ન – યોગ્ય ભોજન; પાત્રં સ્થાપિતં – પાત્રોમાં પધરાવ્યું છે; (તે) તે (તવ) તમારા, આપના; ભોજનાર્થં – ભોજન માટે છે;

<u>ભાવાર્થ :–</u> તન્મય એવી વ્રજવનિતાઓના યુગલ કરોમાં નિજ સાધનથી તૈયાર કરેલું યોગ્ય (આપને માફક આવે એવું) ભોજન પાત્રોમાં પધરાવ્યું છે તે આપના ભોજન માટે છે. (૧૩)

**ભુંક્ષ્વ ભાવૈકસંશુદ્ધ – દધિદુગ્ધાદિમોદકાન્ ॥**
**પ્રિયં તે નવનીતં ચ રાધયા સહિતો હરે ॥૧૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> (ભાવૈક – ભાવ+એક); (દુગ્ધાદિ – દુગ્ધ+આદિ); સહિતો હરે – સહિતઃ+હરે;

શબ્દાર્થ, અન્વયાર્થ :– હરે – હે હરિ (શ્રીકૃષ્ણ); ભાવૈક – માત્ર ભાવથી જ; સંશુદ્ધ – વિશુદ્ધ; દધિ–દહીં; દુગ્ધાદિ–દૂધ વગેરે (ગોરસ); મોદકાન્ – (અને) લાડવાઓ; ચ – તથા; તે–તમને, આપને; પ્રિયં–પ્રિય; (એવું) નવનીતં – માખણ (ધર્યું છે તે); (આપ) રાધયા સહ – શ્રીરાધિકાજીની સાથે; ભુંક્ષ્વ – આરોગો;

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ ! માત્ર ભાવથી જ વિશુદ્ધ એવાં દહીં, દૂધ વગેરે ગોરસ અને લાડવાઓ તથા આપને પ્રિય એવું માખણ ધર્યું છે તે આપ શ્રીરાધિકાજીની સાથે આરોગો. (૧૪)

ભાષણં મા ત્યજ. પ્રાણપ્રિયે ગોપવધૂપતેઃ ।
ત્વન્મુખામોદસુરભિ – ભોજ્યં ભુંક્તતેઽધિકં પ્રિયઃ ॥૧૫॥

સંધિવિગ્રહ :– ત્વન્મુખામોદ – (ત્વત્+મુખ+આમોદ;); ભુંક્તેઽધિકં – ભુંક્તે+અધિકં;

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોપવધૂપતેઃ – હે ગોપવધૂઓના નાથ (એવાં)ને પ્રાણપ્રિયે – પ્રાણથી પણ અધિક પ્રિય (શ્રીરાધા); મામ્ – મને; ભાષણં – કહેવાનું; ત્યજ – છોડ; ત્વન્મુખ – (કારણકે) આપના મુખમાંથી (પ્રકટતાં); આમોદ – આનંદ (અથવા સુવાસ); (રૂપી) સુરભિ–સુવાસ; ભોજ્યં–ભોગવવા યોગ્ય છે; (જે) પ્રિયઃ–પ્રિય (શ્રીકૃષ્ણ); અધિકં ભુંક્તે – વધારે માણે છે;

ભાવાર્થ :– હે ગોપવધૂઓના નાથને પ્રાણથી પણ અધિક પ્રિય એવાં હે શ્રીરાધે ! મને કહેવાનું છોડ; કારણકે આપના મુખમાંથી પ્રકટતા આનંદરૂપી સૌરભ (સુવાસ) ભોગવવા યોગ્ય છે જેને પ્રિય શ્રીકૃષ્ણ વધારે માણે છે. (૧૫)

રાધાધરસુધાપાતુઃ કિમન્યન્ મધુરાયતિમ્ ॥
યન્નિવેદ્યં તદપ્યેતન્ નામસંબંધતો ભવેત્ ॥૧૬॥

સંધિવિગ્રહ :– કિમઅન્યન્ મધુરાયતિમ્ – કિં+અન્યત્+મધુરાયતિં; યન્નિવેદ્યં–યત્+નિવેદ્યં; તદપ્યેતન્ નામસંબંધતો ભવેત્ તત્+અપિ+એતત્+નામસંબંધતઃ+ભવેત્; (રાધાઃઅધરસુધાપાતુઃ)



શબ્દાર્થ, અન્વયાર્થ :– રાધા અધર – શ્રીરાધાજીના અધર; સુધા – સુધાનું; પાતુઃ – પાન કરનારને; અન્યત્ – અન્ય, બીજું; કિં – શું; મધુરાયતિં (વધુ) મધુર લાગે; યત્–જે; નિવેદ્યં – નિવેદન કરવા યોગ્ય છે; તત્–તે; અપિ–પણ; નામસંબંધતઃ–નામના સંબંધથી; ભવેત્–થાય;

ભાવાર્થ :– શ્રીરાધાજીના અધરસુધાનું પાન કરનારને બીજું શું વધારે મધુર લાગે ? જે નિવેદન કરવા યોગ્ય છે તે પણ નામસંબંધથી જ થાય. (૧૬)

પ્રિયામુખાંબુજામોદ – સુરભ્યન્નં અતિપ્રિયમ્ ॥
અંગીકુરુષ્વ ગોપીશ તદીયત્વાન્ નિવેદિતમ્ ॥૧૭॥

સંધિવિગ્રહ :– (પ્રિયામુખાંબુજામોદ – પ્રિયામુખ+અંબુજ+આમોદ); સુરભ્યન્નં–સુરભિ+અન્નં; તદીયત્વાન્ નિવેદિતમ્–તદીયત્વાત્+ નિવેદિતં;

શબ્દાર્થ, અન્વયાર્થ :– પ્રિયામુખઅંબુજ – શ્રીપ્રિયા (રાધા)જીના મુખકમલના; આમોદ–આનંદ રૂપી; સુરભિ–સુગંધીવાળું; અન્ન–અન્ન; અતિપ્રિયં–અતિપ્રિય છે તે; ગોપીશ – હે ગોપીનાથ; ત્વદીયત્વાત્ – આપનો હોવાના ભાવથી; નિવેદિતં – નિવેદન કર્યું છે (ધર્યું છે); (તે) અંગીકુરુષ્વ – અંગીકાર કરો – માણો (આરોગો).

ભાવાર્થ :– શ્રીપ્રિયા (રાધાજી)ના મુખકમલના આનંદ રૂપી સુગંધીવાળું અન્ન (આપને) અતિપ્રિય છે તે હે ગોપીનાથ ! આપનો હોવાના ભાવથી ધર્યું છે તે આરોગો. (૧૭)

નિજાસ્ય નવલાસ્યેઽસ્મિન્ ચારુભોજ્યં મદર્પિતમ્ ॥
ભુંક્ષ્વ શ્રીગોકુલાધીશો સ્વાધિવ્યાધી નિવારય ॥૧૮॥

સંધિવિગ્રહ :– (નિજાસ્ય – નિજ+આસ્ય); નવલાસ્યેઽસ્મિન્ – નવલ+આસ્યે+અસ્મિન્; મદર્પિતં – મત્+અર્પિતં.

શબ્દાર્થ, અન્વયાર્થ :– નિજાસ્ય – નિજમુખ; અસ્મિન્–આ; નવલ આસ્યે – નવલ મુખમાં; ચારુભોજ્યં – સુંદર ભોજન; મદર્પિતં – મેં અર્પણ કર્યું છે; (તે) ગોકુલાધીશ – હે ગોકુલનાથજી; ભુંક્ષ્વ – આરોગો; (અને) સ્વાધિવ્યાધી – નિજ

ભકતોના આધિ અને વ્યાધિનું નિવારય – નિવારણ કરો, દૂર કરો.

<u>ભાવાર્થ :–</u> આપના આ નવલ મુખમાં સુંદર ભોજન મેં પધરાવ્યું છે તે હે શ્રીગોકુલનાથજી ! આપ આરોગો અને નિજ ભકતોના આધિ અને વ્યાધિને દૂર કરો. (૧૮)

**યશોદા રોહિણીભાવાદ્ બલેન સહ બાલકૈઃ ।**
**ભુક્તં યથા બાલ્યભાવપ્રાકટ્યાદ્ ભુંક્ષ્વ મે તથા ॥૧૯॥**

<u>સંધિવિગ્રહ :–</u> યશોદારોહિણીભાવાદ્ બલેન – યશોદારોહિણીભાવાત્ +બલેન; પ્રાકલટ્યાદ્ ભુંક્ષ્વ – પ્રાકલટ્યાત્+ભુંક્ષ્વ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> યશોદારોહિણીભાવાત્ – યશોદા અને રોહિણીના ભાવથી; બલેન – શ્રીબલરામજી (અને); બાલકૈઃ – (ગોપ) બાળકોની સાથે; બાલ્યભાવ પ્રાકટ્યાત્ – બાળભાવ પ્રકટ કરીને; યથા – જેમ; ભુકતં આરોગ્યા; તથા – તે પ્રમાણે; મે – મારું (અર્પણ કરેલું); ભુંક્ષ્વ – આરોગો;

<u>ભાવાર્થ :–</u> યશોદા અને રોહિણીના ભાવથી શ્રીબલરામજી તથા ગોપ બાળકોની સાથે બાળભાવ પ્રકટ કરીને જે પ્રમાણે (આપ) આરોગ્યા હતા તે પ્રમાણે મારું અર્પણ કરેલું (પણ) આરોગો. (૧૯)

**સેવાર્થ દત્તગેહસ્ય નિજદાસસ્ય મે પ્રભો ॥**
**આગંતવ્યં ભોજનાર્થ શ્રીકૃષ્ણ ! કૃપયા ગૃહે ॥૨૦॥**

<u>સંધિવિગ્રહ :–</u> (સેવાર્થ – સેવા+અર્થ); (ભોજનાર્થ – ભોજન+અર્થ);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> શ્રીકૃષ્ણ પ્રભો – હે શ્રીકૃષ્ણ પ્રભુ; સેવાર્થ – સેવા માટે; દત્તગેહસ્ય – આપેલા ગૃહ (મંદિર)ના (માં); મે નિજદાસસ્ય – આપના દાસના; મે – મારા; ગૃહે – ગૃહ (મંદિરમાં); કૃપયા – કૃપા કરીને (આપે); ભોજનાર્થ – ભોજન કાજે; આગંતવ્યં – આવવું (આપ પધારો);

<u>ભાવાર્થ :–</u> હે શ્રીકૃષ્ણ પ્રભુ ! સેવા માટે આપેલા ગૃહ (મંદિર)માં, આપના દાસના (મારા) મંદિરમાં કૃપા કરીને આપ પધારો (૨૦)



**દેવકીવસુદેવશ્રી – બલરોહિણીસંયુતઃ।**
**શ્રીમન્નંદયશોદાભ્યાં સમં મયિ કૃપાં કુરુ ॥૨૧॥**

<u>સંધિવિગ્રહ :–</u> (શ્રીમન્નંદ...... શ્રીમત્+નંદ...... );

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> દેવકીવસુદેવ – દેવકી અને વસુદેવ (તથા); શ્રીબલરોહિણીસંયુતઃ – શ્રીબલરામ અને રોહિણી સાથે; શ્રીમત્ નંદયશોદાભ્યાં – શ્રીનંદ અને યશોદા ઉપર; કૃપાં – જેવી કૃપા (કરી હતી); સમં – (તેના) જેવી; મયિ – મારા ઉપર; કૃપાં કુરુ – કૃપા કરો;

<u>ભાવાર્થ :–</u> દેવકી, વસુદેવ તથા શ્રીબલરામ અને રોહિણી સાથે શ્રીનંદબાવા તથા યશોદા ઉપર જેવી કૃપા કરી હતી તેવી કૃપા મારા ઉપર કરો. (૨૧)

**નિષ્કિંચનસ્ય દીનસ્ય ગુણહીનમપિ પ્રભો ।**
**શુદ્ધાન્નં તત્ સ્વદત્તાત્વાદ્ ભુંક્ષ્વ ગોકુલનાયક ॥૨૨॥**

<u>સંધિવિગ્રહ :–</u> ગુણહીનમપિ – ગુણહીનં+અપિ; (નિષ્કિંચન – નિઃ+કિંચન); (શુદ્ધાનં – શુદ્ધ+અન્નં); સ્વદત્તાવાદ્ ભુંક્ષ્વ સ્વદત્તાત્વાત્+ભુંક્ષ્વ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> પ્રભો ગોકુલનાયક – હે ગોકુલનાયક પ્રભુ; નિષ્કિંચનસ્ય – અકિંચન, સાધન(દ્રવ્ય)હીન; દીનસ્ય – દૈન્યયુકત; ગુણહીનં – ગુણહીન; અપિ – હોવા છતાં; સ્વદત્તાત્વાત્ – આપે આપેલું હોવાથી; તત્ શુદ્ધાન્નં – તે પવિત્ર અન્ન; ભુંક્ષ્વ – (આપ) આરોગો;

<u>ભાવાર્થ :–</u> હે ગોકુલનાયક પ્રભુ ! સાધનહીન, દૈન્યયુકત તથા ગુણહીન (હું) હોવા છતાં આપે આપેલું તે પવિત્ર અન્ન (ભોજન) આપ આરોગો (૨૨)

**ભુક્ત્વા દત્ત્વાઽતિપ્રિયેભ્યો ભક્તતેભ્યોઽતિપ્રિયં સદા ।**
**તદાત્મશોધકોચ્છિષ્ટં કૃતકૃત્યં ચ માં કુરુ ॥૨૩॥**

<u>સંધિવિગ્રહ :–</u> દત્તવાપ્રતિપ્રિયેભ્યો ભક્તતેભ્યોપ્રતિપ્રિયં – દત્ત્વા+અતિપ્રિયેભ્યઃ+ભક્તતેભ્યઃ+અતિપ્રિયં; (તદાત્મશોધકોચ્છિષ્ટં – તત્+આત્મશોધક+ઉચ્છિષ્ટં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– ભુકત્વા – (તે શુદ્ધ અન્ન) આરોગીને; અતિપ્રિયેભ્યઃ ભક્તેભ્યઃ – પોતાના અતિપ્રિય ભક્તોને; તત્ અતિપ્રિય આત્મશોધકોચ્છિષ્ટં – તે અતિપ્રિય એવું આત્માને શુદ્ધ કરનારું આપનું ઉચ્છિષ્ટ ભોજન; દત્વા – આપીને; મામ્–મને; કૃતકૃત્યં કુરુ – મને કૃતાર્થ કરો;

ભાવાર્થ :– તે શુદ્ધ અન્ન આરોગીને પોતાના અતિપ્રિય ભક્તોને, તે અતિપ્રિય એવું આત્માને શુદ્ધ કરનારું આપનું ઉચ્છિષ્ટ ભોજન, આપીને મને કૃતકૃત્ય કરો. (૨૩)

**શ્રીકૃષ્ણાંતરસ્વરૂપ ! સ્વકીયસ્ય ગૃહે મમ ।**
**આગત્ય ભોજનં કૃત્વા કૃતાર્થં કુરુ માં પ્રભો ॥૨૪॥**

સંધિવિગ્રહ :– (શ્રીકૃષ્ણાંતર–શ્રીકૃષ્ણ+અંતર);

શબ્દાર્થ, અન્વયાર્થ :– શ્રીકૃષ્ણાંતરસ્વરૂપ – હે શ્રીકૃષ્ણાંતરસ્વરૂપ પ્રભુ; સ્વકીયસ્ય–આપ (નિજ)ના એવા; મમ–મારે; ગૃહ–ઘેર; આગત્ય–પધારીને; ભોજનં કૃત્વા–ભોજન કરીને; મામ્–મને; કૃતાર્થં કુરુ–કૃતાર્થ કરો;

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણાંતરસ્વરૂપ પ્રભુ ! આપના (નિજના) એવા મારે ઘેર પધારીને ભોજન કરીને મને કૃતાર્થ કરો. (૨૪)

**પ્રિયારતિશ્રમપરિમિલિતં વારિ યામુનમ્ ।**
**સમર્પયામિ તત્પાનં કુરુ શ્રીકૃષ્ણ તાપહૃત્ ॥૨૫॥**

સંધિવિગ્રહ :– (તત્પાનં – તદ્+પાનં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– શ્રીકૃષ્ણ – હે શ્રીકૃષ્ણ; પ્રિયારતિ – પ્રિયાજી સાથેની રતિ(ક્રીડા)ના; શ્રમ – શ્રમ; પરિમિલિત – સંસર્ગવાળું; યામુનં વારિ – (વારિ – જળ) શ્રીયમુનાજળ; (આપને) સમર્પયામિ – સમર્પણ કરું છું (જે) તાપહૃત્ – તાપને હરનારું છે; તત્ – તેનું (આપ) પાનં કુરુ – પાન કરો;

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ ! પ્રિયાજી સાથેની રતિ (ક્રીડા)ના શ્રમસંસર્ગવાળું શ્રીયમુનાજળ આપને સમર્પણ કરું છું; જે તાપને હરનારું છે તેનું આપ પાન કરો. (૨૫)



**કુરુષ્વાચમનં કૃષ્ણ ! પ્રિયયામુનવારિણા ।**
**સ્નેહાત્મદંતસક્તાન્ય – ભાવાપાકરણાત્મકમ્ ॥૨૬॥**

સંધિવિગ્રહ :– કુરુષ્વાચમનં કુરુષ્વ+આચમનં; (સ્નેહાત્મદંતસક્ત – સ્નેહ+આત્મદંતસક્લત); (સક્લતાન્યભાવાપાકરણાત્મકં – સક્ત+અન્યભાવ+અપાકરણ+આત્મકં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– સ્નેહાત્મદંત – સ્નેહયુક્ત દાંતને; સક્ત – વળગેલા; અન્યભાવ – અન્ય દેવ પ્રત્યેનો ભાવ (અન્યાશ્રય)ને; અપાકરણાત્મકં – દૂર કરનારા; પ્રિયકૃષ્ણ – હે પ્રિય કૃષ્ણ; યામુનવારિણા – શ્રીયમુનાજળથી; આચમનં – આચમન; કુરુષ્વ – કરો;

ભાવાર્થ :– સ્નેહયુ+ત દાંતને વળગેલા અન્ય દેવો પ્રત્યેના ભાવ (અન્યાશ્રય ભાવ)ને દૂર કરનારા, હે પ્રિય કૃષ્ણ ! શ્રીયમુનાજળથી આચમન કરો. (૨૬)

**સ્નેહાદ્ રતિશ્રમજલપ્રોછદ્ રાધાકરાંચલમ્ ।**
**સ્મૃત્વાऽऽનંદભરાન્ નાથ ! કુરુ શ્રીમુખમાર્જનમ્ ॥૨૭॥**

સંધિવિગ્રહ :– સ્નેહાદ્ રતિશ્રમ – સ્નેહાત્+રતિશ્રમ; પ્રોછદ્ રાધ્રાધાકરાંચલં – પ્રોંછત્+રાધાકર+અંચલં; સ્મૃત્વાऽऽનંદભરાન્ નાથ – સ્મૃત્વા+આનંદભરાત્+નાથ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– સ્નેહાત્–સ્નેહથી (સ્નેહપૂર્વક); રતિ–રતિ(ક્રીડા)ના; શ્રમજલ – શ્રમજલથી; રાધાકરાંચલં – પ્રસન્ન એવાં શ્રીરાધાજીનાં કરપલ્લવને; પ્રોછત્ – લૂંછતા; આનંદભરાત્ – આનંદસભર થયેલા (પ્રસંગને); સ્મૃત્વા – યાદ કરીને; નાથ – હે નાથ (કૃષ્ણ); શ્રીમુખ –આપના શ્રીમુખનું; માર્જનં કુરુ – માર્જન કરો (સાફ કરો);

ભાવાર્થ :– સ્નેહપૂર્વક થયેલી રતિ (ક્રીડા)ના શ્રમજલથી પ્રસન્ન એવાં શ્રીરાધાજીના કરપલ્લવને લૂંછતા આનંદસભર થયેલા પ્રસંગને યાદ કરીને હે નાથ (કૃષ્ણ) ! આપનાં શ્રીમુખનું માર્જન કરો (શ્રીમુખ સાફ કરો) (૨૭)

**તાંબૂલં સ્વપ્રિયાવક્ત્ર - સૌરભ્યરતિસંયુતમ્ ।**
**ગૃહાણ ગોકુલાધીશ ! તત્કપોલાભપાંડુરમ્ ॥૨૮॥**

<u>સંધિવિગ્રહ :–</u> (તત્કપોલાભપાંડુરં – તદ્+કપોલ+આભપાંડુરં (આભને મળતું) (પાંડુર – પીળાશ પડતું, પીળું (ધોળું);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> ગોકુલાધીશ – હે શ્રીગોકુલનાથ; સ્વપ્રિયા – નિજ પ્રિયાજીના; વક્ત્ર – મુખ; સૌરભ્ય – સુરભિ/સૌરભ/સુગંધના; રતિ–પ્રેમ; સંયુતં–યુક્ત; તદ્–(તથા) તેમના; કપોલ–ગાલને; આભ– મળતું; પાંડુરં–પીળાશ પડતું; તાંબૂલં–પાન; ગૃહાણ–ગ્રહણ કરો (આરોગો);

<u>ભાવાર્થ :–</u> હે શ્રીગોકુલનાથ ! નિજ પ્રિયાજીના મુખ સૌરભરૂપી પ્રેમયુક્ત ગાલને મળતું પીળાશ પડતું પાન આરોગો. (૨૮)

**રમણાતિભરાદ્ રાત્રી વસ્ત્રાણ્યાભૂષણાનિ હિ ।**
**મૃગજાનિ ચ વસ્ત્રાણિ પ્રસીદોત્તારયામિ તે ॥૨૯॥**

<u>સંધિવિગ્રહ :–</u> (રમણાતિભરાદ્ – રમણ+અતિભરાદ); રમણાતિભરાદ્ રાત્રી – રમણાતિભરાત્+રાત્રી; વસ્ત્રાણ્યાભૂષણાનિ – વસ્ત્રાણિ+આભૂષણાનિ; પ્રસીદોત્તારયામિ – પ્રસીદ+ઉત્તારયામિ; (અતિભર–સભર)

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> (હે ગોકુલાધીશ) (આપ) પ્રસીદ–કૃપા કરો (તો); તે–આપનાં; રમણાતિભરાત્ – રમણ (ક્રીડા/વિલાસ)થી સભર; રાત્રી–રાત્રે (રાત્રિનું); વસ્ત્રાણિ – વસ્ત્રો; આભૂષણાનિ – આભૂષણો/અલંકારો); ચ–તથા; મૃગજાનિ–મૃગ ચર્મ (હરણની છાલ)નાં; વસ્ત્રાણિ–વસ્ત્રો; ઉત્તારયામિ–ઉતારી લઉં (વડાં કરું);

<u>ભાવાર્થ :–</u> હે ગોકુલાધીશ ! આપ કૃપા કરો તો આપનાં રમણથી સભર રાત્રિનાં વસ્ત્રો, આભૂષણો તથા મૃગચર્મનાં વસ્ત્રો વડાં કરું. (૨૯)

**પ્રિયાંગસંગ - સંગસમ્બધિ - ગન્ધસંબંધતો ભવેત્ ।**
**કદાચિત્ કસ્યચિદ્ ભાવો યતઃ સ્નાનં સમાચર ॥૩૦॥**



<u>સંધિવિગ્રહ :–</u> સંબંધતો ભવેત્ – સંબંધતઃ+ભવેત્; (પ્રિયાંગ–પ્રિયઃ+ અંગ); કદાચિત્ કસ્યચિદ્ ભાવો યતઃ – કદાચિદ્+કસ્યચિદ્+ભાવઃ+યતઃ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> કદાચિદ્ – કોઈક સમયે; કસ્યચિદ્ – કોઈકનો; ભાવ–ભાવ; પ્રિયાંગ–પ્રિયાજીના અંગ; સંગ સંબંધિ–સંગ વિષયક; ગંધ–સૌરભના; સંબંધતઃ–સંબંધથી; ભવેત્–ઉદ્ભવે; યતઃ–જેથી; (આપ) સ્નાનં–સ્નાન; સમાચર–કરો;

<u>ભાવાર્થ :–</u> (હે ગોકુલાધીશ !) કોઈક સમયે કોઈકનો ભાવ શ્રીપ્રિયાજીના અંગસંગ વિષયના સૌરભના સંબંધથી ઉદ્ભવે, જેથી આપ સ્નાનમાં પધારો (આપ સ્નાન કરો). (૩૦)

**સ્નેહાત્મગંધતૈલેન પ્રિયાગંધાતિચારુણા ।**
**અભ્યક્તો મંગલસ્નાનં કુરુ ગોકુલનાયક ॥૩૧॥**

<u>સંધિવિગ્રહ :–</u> (સ્નેહાત્મ – સ્નેહ+આત્મ); (ગંધાતિ – ગંધ+અતિ); અભ્યક્તો મંગલસ્નાનં – અભ્યક્તઃ+મંગલસ્નાનં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> ગોકુલનાયક – હે શ્રીગોકુલનાથજી; (આપને) સ્નેહાત્મ–સ્નેહયુક્ત; ગંધ–સૌરભ/વાસ; તૈલેન–તેલથી; (તથા) પ્રિયા–પ્રિયાજીનાં; ગંધાતિચારુણા–અતિસુંદર સૌરભથી; અભ્યક્તઃ – લેપ કર્યો છે (તે થકી); (આપ) મંગલ સ્નાનં–મંગલ સ્નાન; કુરુ કરો;

<u>ભાવાર્થ :–</u> હે શ્રીગોકુલનાથજી ! આપને સ્નેહભરપૂર સૌરભ-વાળા તેલથી તથા શ્રીપ્રિયાજીનાં અતિ સુંદર સૌરભથી લેપન કર્યું છે તે થકી આપ મંગલ સ્નાન કરો. (૩૧)

**સ્નેહાત્મગંધતૈલસ્ય લેપનાદ્ ગોકુલાધિપ ।**
**વિતરાત્યન્તિકી ભક્તિં મયિ સ્નેહાત્મિકાં વિભો ॥૩૨॥**

<u>સંધિવિગ્રહ :–</u> (સ્નેહાત્મ – સ્નેહ+આત્મ); લેપનાદ્ ગોકુલાધિપ – લેપનાત્+ગોકુલાધિપ; (ગોકુલાધિપ – ગોકુલ+અધિપ; (અધિપ–રાજા);) વિતરાત્યન્તિકી – વિતર+આત્યંતિકી; (આત્યંતિકી–સતત/અવિરત); (સ્નેહાત્મિકાં – સ્નેહ+આત્મિકાં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોકુલાધિપ વિભો – હે ગોકુલેશ વિભુ; (આપને); સ્નેહાત્મ–સ્નેહસભર; ગંધતૈલસ્ય–સૌરભ–વાળાતેલના(થી);લેપનાત્–લેપન કર્યું છે: (તેવી જ) (આપનામાં, આપના પ્રત્યે); સ્નેહાત્મિકાં–સ્નેહસભર; આત્યંતિકીં–અવિરત; ભક્તિં–ભક્તિ; મયિ–મારામાં (મને); વિતર–આપો;

ભાવાર્થ :– હે ગોકુલેશ પ્રભુ ! જેવી રીતે આપને મેં સ્નેહસભર સૌરભ (સુવાસ)વાળા તેલથી લેપન કર્યું છે, તેવી જ આપના પ્રત્યે, સ્નેહસભર અને અવિરત ભક્તિ મને આપો (મારામાં સ્થાપો). (૩૨)

**શ્રીસુગંધોદ્વર્તનેન નિશાશ્રમનિવારણાત્ ।**
**ઉદ્વર્તિતઃ કૃષ્ણ ! ભક્તિ – દાનેન કુરુ મે કૃપામ્ ॥૩૩॥**

સંધિવિગ્રહ :– (શ્રીસુગંધોદ્વર્તનેન – શ્રીસુગંધ+ઉદ્વર્તનેન; (ઉદ્વર્તન – સુગંધીદાર લેપ કરવો);

શબ્દાર્થ, અન્વયાર્થ :– કૃષ્ણ – હે શ્રીકૃષ્ણ; (આપને) શ્રીસુગંધોદ્વર્તનેન – શ્રીપ્રિયાજીના સૌરભરૂપી લેપથી; નિશાશ્રમ – રાત્રિનો આપને થયેલો શ્રમ; નિવારણાત્ – દૂર કરવા; ઉદ્વર્તિતઃ – આપને લેપ કર્યો છે; (તો); ભક્તિદાનેન – ભક્તિનાં દાન કરી; મે – મારા ઉપર; કૃપાં–કૃપા; કુરુ–કરો;

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ ! આપને શ્રીપ્રિયાજીના સૌરભરૂપી લેપથી, રાત્રિએ થયેલો શ્રમ દૂર કરવા, આપને લેપ કર્યો છે તો ભક્તિનાં દાન કરી મારી ઉપર કૃપા કરો. (૩૩)

**દિવા ત્વદ્વનગમનસ્મરણાત્ તાપભાવતઃ ।**
**ગોપિકાસ્પર્શનોષ્ણેન વારિણા સ્નાપયામ્યહમ્ ॥૩૪॥**

સંધિવિગ્રહ :– (ત્વદ્ગમન – ત્વત્+ગમન); (સ્પર્શનોષ્ણેન – સ્પર્શન+ઉષ્ણેન); સ્નાપયામ્યહમ્ – સ્નાપયામિ+અહમ્;

શબ્દાર્થ, અન્વયાર્થ :– (હે કૃષ્ણ); દિવા–દિવસ દરમ્યાન; ત્વત્–આપ, વનગમન–વનમાં (ગાયો ચરાવવા) જાઓ છો તે; સ્મરણાત્–સ્મરણ થવાથી; (ઉત્પન્ન થયેલા) તાપભાવતઃ – આપનાં વિરહરૂપી તાપભાવથી;



ગોપિકાસ્પર્શન–શ્રીગોપિકા (રાધિકા)ના સ્પર્શરૂપી; ઉષ્ણેન–ગરમ; વારિણા–જલથી; અહં–હું (આપને); સ્નાપયામિ–સ્નાન કરાવું છું;

ભાવાર્થ :– હે કૃષ્ણ ! દિવસ દરમ્યાન આપ વનમાં ગાયો ચરાવવા જાઓ છો તેનું સ્મરણ થવાથી ઉત્પન્ન થયેલા આપના વિરહરૂપી; તાપભાવથી, શ્રીગોપિકા (રાધિકા)ના સ્પર્શરૂપી ગરમ જળથી હું આપને સ્નાન કરાવું છું. (૩૪)

**સ્નાનાર્દ્રતાનિવૃત્ત્યર્થં પ્રોંછિતાંગ વિભો ! મમ ।**
**દૂરીકુરુસ્વ ગોપીશ ! કૃપયા લૌકિકાર્દ્રતામ્ ॥૩૫॥**

સંધિવિગ્રહ :– (સ્નાનાર્દ્રતા – સ્નાન+આર્દ્રતા); પ્રોંછિતાંગ – પ્રોંછિત+અંગ; (લૌકિકાર્દ્રતાં – લૌકિક+આર્દ્રતાં); (આર્દ્રતા – ભેજ, ભીનાશ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોપીશ વિભો – હે શ્રીગોપીનાથ વિભુ; સ્નાનાર્દ્રતા–સ્નાન કરવાથી આવેલી ભીનાશને; નિવૃત્ત્યર્થં–દૂર કરવા; મમ–મારી; લૌકિકાર્દ્રતાં–લૌકિક આર્દ્રતાને; કૃપયા – કૃપા કરી; (આપ); દૂરીકુરુષ્વ–દૂર કરો;

ભાવાર્થ :– હે શ્રીગોપીનાથ વિભુ ! આપે સ્નાન કરવાથી આવેલી ભીનાશને દૂર કરવા આપનું શ્રીઅંગ લૂછયું છે (કોરું કર્યું છે) તેમ મારી લૌકિક આર્દ્રતાને કૃપા કરી આપ દૂર કરો. (૩૫)

**ગોપિકાવદ્વિપ્રયોગે કાલક્ષેપાય સર્વથા ।**
**કૃષ્ણમૂર્તિં પ્રિયાં કૃત્વા ભજેત્ તત્તત્સ્વભાવતઃ ॥૩૬॥**

સંધિવિગ્રહ :– ગોપિકાવદ્ વિપ્રયોગે – ગોપિકાવત્+વિપ્રયોગે; તતત્તાત્સ્વાભાવતઃ – તત્+તત્+સ્વભાવતઃ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– ગોપિકાવત્–શ્રીગોપીજનોની માફક; વિપ્રયોગે–આપ (શ્રીકૃષ્ણ)ના વિરહમાં; સર્વથા – બધી રીતે/સર્વથા; કાલક્ષેપાય– સમય વ્યતીત કરવા; (જેમ) પ્રિયાં–સુંદર; કૃષ્ણમૂર્તિ–શ્રીકૃષ્ણની મૂર્તિ (સ્વરૂપ); કૃત્વા–બનાવીને; તત્–તેનું; તત્ સ્વભાવતઃ – તે ભાવથી (સ્વયં કૃષ્ણ હોય તે ભાવથી) (સેવા કરી હતી) (તેમ); તદ્ (તત્) ભજેત્ – તે (શ્રીકૃષ્ણની) સેવા કરવી જોઈએ;

ભાવાર્થ :– શ્રીગોપિકાજનોની માફક શ્રીકૃષ્ણના વિરહમાં દરેક રીતે નિજ સમય વ્યતીત કરવા જેમ શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિ બનાવીને તે સ્વયં શ્રીકૃષ્ણ હોય તે ભાવથી સેવા કરી હતી તેમ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. (૩૬)

**ભાવોત્થવિપ્રયોગેऽપિ ન સ્થાતું શકયતે યતઃ ।**
**અતઃ સ્વહૃદ્‌ગતૈર્ભાવૈ ર્ભૂષયેત્ તં મનોમયમ્ ॥૩૭॥**

સંધિવિગ્રહ :– (ભાવોત્થ – ભાવ+ઉત્થ; (ઉત્થ–ઉત્પન્ન થયેલું, નીપજેલું); વિપ્રયોગેऽપિ વિપ્રયોગે+અપિ; સ્વહૃદ્‌ગતૈર્ભાવૈર્ભૂષયેત્ – સ્વહૃદ્‌ગતૈઃ+ભાવૈઃ+ભૂષયેત્; (મનોમયં – મનઃ+મયં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– યતઃ–જે કારણથી; ભાવોત્થ–ભાવમાંથી નીપજેલા; વિપ્રયોગે અપિ–વિરહમાં પણ; સ્થાતું–રહેવું; ન શકયતે–શકય નથી.; અતઃ–તેથી; તં મનોમયં–તે માનસ (સ્વરૂપ)ને; સ્વહૃદગતૈઃ, પોતાનાં હૃદયમાં રહેલા; ભાવૈઃ–ભાવોથી; ભૂષયેત્–શોભાવવું જોઈએ;

ભાવાર્થ :– જે કારણથી ભાવમાંથી નીપજેલા વિરહમાં પણ રહેવું (ટકવું) શકય નથી, તેથી તે માનસ સ્વરૂપને પોતાનાં હૃદયમાં રહેલા ભાવોથી શોભાવવું જોઈએ. (૩૭)

**વ્રજેશ ! રસરૂપાત્મન્ શૃંગારં રચયામ્યહમ્ ।**
**સ્વીકુરુષ્વ ત્વદીયત્વાત્ સ્વપ્રિયાવત્ કૃતં નિશિ ॥૩૮॥**

સંધિવિગ્રહ :– રચયામ્યહં – રચયામિ+અહં; (રસરૂપાત્મન્ – રસરૂપ+આત્મન્)

શબ્દાર્થ, અન્વયાર્થ :– વ્રજેશ – હે વ્રજના નાથ !; (જેમ) સ્વપ્રિયાવત્ – નિજપ્રિયાજીની માફક; નિશિ–રાતે; કૃતં–કર્યું હતું; (તેમ) રસરૂપાત્મન્ – હે રસરૂપાત્મા (કૃષ્ણ); શૃંગારં અહં રચયામિ – હું (આપને) શૃંગાર કરું છું; (તો); ત્વદીયત્વાત્ – આપનો હોવાના નાતે; સ્વીકુરુષ્વ – (તે શૃંગાર) સ્વીકારો;

ભાવાર્થ :– હે વ્રજના નાથ ! રસરૂપાત્મા શ્રીકૃષ્ણ ! જેમ નિજપ્રિયાજીએ રાતે કર્યું હતું તેમ હું આપને શૃંગાર કરું છું, તો આપનો હોવાના નાતે તે શૃંગાર ધારણ કરો. (૩૮)



**કુચકુંકુમગંધાઢ્યં અંગરાગમ્ અતિપ્રિયમ્ ।**
**શ્રીકૃષ્ણતાપશાંત્યર્થમ્ અંગીકુરુ મદર્પિતમ્ ॥૩૯॥**

સંધિવિગ્રહ :– (ગંધાઢ્યં – ગંધ+આઢ્યં); (શાંત્યર્થ–શાંતિ+અર્થ); (મદર્પિતં – મત્+અર્પિતં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– (હે વ્રજનાથ કૃષ્ણ) કુચ–સ્તન; કુંકુમ– કેશર/કંકુ; (અત્તર, પાઉડર); (આપને) અતિપ્રિયં–અતિ પ્રિય છે; (તેમ) શ્રીકૃષ્ણતાપ–શ્રીકૃષ્ણ વિરહતાપને; શાંત્યર્થમ્–શાંત કરવા; મત્ અર્પિતં–મેં અર્પણ કરેલા; (ઉપર્યુકત) અંગરાગમ્ અંગીકુરુ–અંગરાગને આપ અંગીકાર કરો.

ભાવાર્થ :– હે વ્રજનાથ કૃષ્ણ ! કુચ કુંકુમની ગંધથી મિશ્રિત, આપને અતિપ્રિય એવા અંગરાગ, (શ્રીકૃષ્ણ) વિરહતાપને શાંત કરવા મેં આપને અર્પણ કર્યાં છે તેનો અંગીકાર કરો. (૩૯)

**પ્રિયાંગતુલ્યવર્ણાનિ વસ્ત્રાણિ વ્રજનાયક ।**
**સમર્પયામિ કૃપયા પરિધેહિ દયાનિધે ॥૪૦॥**

સંધિવિગ્રહ :– (પ્રિયાંગ – પ્રિયા+અંગ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– વ્રજનાયક દયાનિધે – હે દયાનિધિ વ્રજનાથ; પ્રિયાંગ – શ્રીપ્રિયાજીના શ્રીઅંગ; તુલ્ય – સમાન; વર્ણાનિ – રંગવાળાં; વસ્ત્રાણિ – વસ્ત્રો; (આપને) સમર્પયામિ – હું આપને સમર્પણ કરું છું; (તો) (આપ) કૃપયા – કૃપા કરીને; (તે વસ્ત્રો) પરિધેહિ – પરિધાન કરો (પહેરો);

ભાવાર્થ :– હે દયાનિધિ વ્રજનાથ ! શ્રીપ્રિયાજીના શ્રીઅંગ સમાન રંગવાળાં વસ્ત્રો આપને હું સમર્પણ કરું છું તો આપ કૃપા કરીને તે વસ્ત્રો પરિધાન કરો (તે વસ્ત્રો પહેરો). (૪૦)

**ભૂષણાન્યવતારાત્મકાન્યેતાન્યર્પયામિ તે ।**
**પ્રિયાંગતુલ્યકાંતાનિ પ્રસીદ વ્રજસુંદર ॥૪૧॥**

संधिविग्रह :– ભૂષણાન્યવતારાત્માકાન્યેતાન્યર્પયામિ – ભૂષણાનિ+ અવતારાત્મકાનિ+એતાનિ+અર્પયામિ; (પ્રિયાંગ – પ્રિયા+અંગ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– વ્રજસુંદર – હે વ્રજસુંદર; પ્રિયાંગ – શ્રીપ્રિયાજીના શ્રીઅંગ; તુલ્ય–સમાન; કાંતાનિ–સુંદર; અવતારાત્મકાનિ–અવતારાત્મક; એતાનિ–આ; ભૂષણાનિ–આભૂષણો (અલંકારો); તે–આપને; અર્પયામિ–અર્પણ કરું છું; પ્રસીદ – (તો આપ કૃપા કરી) પ્રસીદ–પ્રસન્ન થાઓ (તે અલંકારો ધારણ કરો);

ભાવાર્થ :– હે વ્રજમાં અતિ સુંદર ! શ્રીપ્રિયાજીનાં શ્રીઅંગ સમાન સુંદર, અવતારાત્મક આ આભૂષણો આપને અર્પણ કરું છું તો આપ કૃપા કરી પ્રસન્ન થાઓ (તે અલંકારો ધારણ કરો) (૪૧)

પ્રિયાનાસાભૂષણસ્થ-બૃહન્મુક્તાફલાકૃતિમ્ ।
સમર્પયામિ રાધેશ ! ગુંજાહારમતિપ્રિયમ્ ॥૪૨॥

સંધિવિગ્રહ :– ગુંજાહારમતિપ્રિયં – ગુંજાહારં+અતિપ્રિયં; બૃહન્મુકલતાફલાકૃર્તિ–બૃહત્+મુકલતાફલ+આકૃર્તિ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– રાધેશ – હે રાધાનાથ; પ્રિયા–શ્રીપ્રિયાજીના; નાસા–નાકના; ભૂષણસ્થ–ભૂષણમાં રહેલા; બૃહત્–મોટા; મુક્તાફલાકૃર્તિ–મોતીની આકૃતિવાળા (ગુંજાઓની); (ચ–અને) ગુંજાહાર અતિપ્રિયં – શ્રીઠાકોરજીને, અતિપ્રિય એવી ગુંજામાળા; (આપને) (હું) સમર્પયામિ–સમર્પણ કરું છું;

ભાવાર્થ :– હે રાધાનાથ ! શ્રીપ્રિયાજીના નાકના ભૂષણમાં રહેલા મોટા મોતીની આકૃતિવાળા (ગુંજાઓની), અને આપ (શ્રીઠાકોરજી)ને અતિપ્રિય એવી ગુંજામાળા હું આપને સમર્પણ કરું છું. (૪૨)

મિલિતાન્યોન્યાંગકાંતિ - ચાકચકચસમં વિભો ।
અંગીકુરુષ્વોત્તમાંગે કેકિપિચ્છં - અતિપ્રિયમ્ ॥૪૩॥

સંધિવિગ્રહ :– મિલિતાન્યોન્યાંગ – મિલિત+અન્યોન્ય+અંગ; અંગીકુરુષ્વોત્તમાંગે – અંગીકુરુષ્વ+ઉત્તમ+અંગે;



શબ્દાર્થ, અન્વયાર્થ :– વિભો – હે શ્રીકૃષ્ણવિભુ; અન્યોન્ય–એક બીજાના (શ્રીકૃષ્ણ અને શ્રીપ્રિયાજીના); અંગ–શ્રીઅંગની કાંતિ (તેજ)થી; ચાકલચકલચસમં–ચકચકિત એવું; અતિપ્રિયં કેકિપિચ્છં – આપને અતિપ્રિય એવું મોરપિચ્છ; ઉત્તમાંગે – આપશ્રીના ઉત્તમ શ્રીઅંગમાં; અંગીકુરુષ્વ – અંગીકાર કરો (ધારણ કરો).

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ પ્રભુ ! શ્રીકૃષ્ણ અને શ્રીપ્રિયાજીના એકબીજાના શ્રીઅંગની કાંતિ (તેજ)થી ચકચકિત એવું, આપને અતિપ્રિય એવું મોરપિચ્છ આપના ઉત્તમ શ્રીઅંગમાં અંગીકાર (ધારણ) કરો. (૪૩)

ગોપસ્ત્રીદૃક્સ્થિતં શ્રીમચ્છૃંગારાત્મકમંજનમ્ ।
શોભાર્થં માતૃવદ્ દત્તાં - અંગીકુરુ વ્રજાધિપ ॥૪૪॥

સંધિવિગ્રહ :– (ગોપસ્ત્રીદક્સ્થિતં – ગોપસ્ત્રીદૃશ્+સ્થિતં); શ્રીમચ્છૃંગારાત્મકમંજનં – શ્રીમત્+શૃંગારાત્મકં+અંજનં; માતૃવદ્ દત્તાં – માતૃવત્+દત્તાં; (વ્રજાધિપ – વ્રજ+અધિપ).

શબ્દાર્થ, અન્વયાર્થ :– વ્રજાધિપ – હે વ્રજરાજ શ્રીકૃષ્ણ; ગોપસ્ત્રી – શ્રીગોપ વનિતાઓની; દૃશ્ – આંખમાં/દૃષ્ટિમાં) સ્થિતં – રહેલું; શ્રીમત્–શોભાયુકત; શૃંગારાત્મકં–શૃંગાર સ્વરૂપ; અંજનં–અંજન(આંજણ); શોભાર્થં – (આપશ્રીના શ્રીઅંગની) શોભા માટે; માતૃવત્ – મા (યશોદાજી); દત્તાં–આપે તેમ(ધરું છું); (તે) અંગીકુરુ–અંગીકાર કરો.

ભાવાર્થ :– હે વ્રજરાજ શ્રીકૃષ્ણ ! શ્રીગોપવનિતાઓની આંખમાં રહેલું શોભાયુકત શૃંગારસ્વરૂપ અંજન આપશ્રીના શ્રીઅંગની શોભા માટે મા યશોદાજી આપે તેમ ધરું છું, તે આપ અંગીકાર કરો. (૪૪)

કસ્તૂરીતિલકં ભાલે ચિત્રં ચારુ કપોલયોઃ ।
દૃષ્ટ્વા પ્રિયાકૃતં દૃષ્ટં તથા મુદં અવાપ્નુહિ ॥૪૫॥

સંધિવિગ્રહ :– ––––

શબ્દાર્થ, અન્વયાર્થ :– પ્રિયાકૃતં–શ્રીપ્રિયાજીએ કરેલ; ભાલે–કપાળમાં

કસ્તૂરીતિલકં–કસ્તૂરીનું તિલક; (તથા) કપોલયોઃ–બન્ને ગાલ ઉપર; ચારુ–સુંદર; ચિત્રં–ચિત્ર; દૃષ્ટ્વા–જોઈને; હૃષ્ટં (આપ) આનંદિત થયાં; તથા–તથા; મુદં–આનંદ; અવાપ્નુહિ–મેળવો; પ્રાપ્ત કરો.

ભાવાર્થ :– શ્રીપ્રિયાજીએ કરેલ કપાળમાંનું કસ્તૂરીનું તિલક તથા બન્ને ગાલ ઉપરનું સુંદર ચિત્ર જોઈને આપ આનંદિત થયા તથા આનંદ પણ મેળવો (પ્રાપ્ત કરો). (૪૫)

**મુખાબ્જમકરંદાપ્તિ – લોભેન રસભાવતઃ ।**
**મધુપાચિતચિત્તાનિ વ્રજરત્નાનિ તાનિ તે ॥૪૬॥**

સંધિવિગ્રહ :– (મુખાબ્જ – મુખ+અબ્જ; (અબ્જ–અપ્+જ–કમળ); (મકરંદાપ્તિ – મકરંદ+આપ્તિ); (મધુપાચિત – મધુપ+અચિત; (અચિત–સમૃદ્ધ).

શબ્દાર્થ, અન્વયાર્થ :– રસભાવતઃ – શૃંગારરસના ભાવથી; મુખાબ્જ – મુખકમલરૂપી; મકરંદ–મકરંદ (મધ)ની; આપ્તિ–પ્રાપ્તિના; લોભેન–લોભથી; (તેમજ) મધુપ અચિત – મધુપથી સમૃદ્ધ થયેલાં; ચિત્તાનિ – ચિત્તો; તે–આપનાં; તાનિ–તે; વ્રજરત્નાનિ–વ્રજરત્નો છે.

ભાવાર્થ :– શૃંગારરસના ભાવથી મુખકમલરૂપી મધની પ્રાપ્તિના લોભથી, તેમજ મધુપથી સમૃદ્ધ થયેલાં ચિત્તો આપનાં તે વ્રજરત્નો છે. (૪૬)

**કુસુમાન્યર્પિતાનીશ પ્રસીદ મયિ સંતતમ્ ।**
**કૃપાસંહૃષ્ટદૃગ્વૃષ્ટ્યા તદંગીકૃતિશોભિતા ॥૪૭॥**

સંધિવિગ્રહ :– કુસુમાન્યર્પિતાનીશ – કુસુમાનિ+અર્પિતાનિ+ઈશ; (દૃગ્વૃષ્ટ્યા – દૃશ્+વૃષ્ટ્યા;) તદંગીકૃતિ – તત્+અંગીકૃતિ.

શબ્દાર્થ, અન્વયાર્થ :– ઈશ–હે ઈશ (કૃષ્ણ); કુસુમાનિ–પુષ્પો; અર્પિતાનિ–અર્પણ કર્યા છે; (તો) મયિ–મારા ઉપર; સંતતં–સદાય; પ્રસીદ–કૃપા કરો; કૃપાસંહૃષ્ટ–આપની કૃપાથી આનંદ પામેલી; દૃગ્વૃષ્ટ્વા–દૃષ્ટિની વૃષ્ટિથી; તદંગીકૃતિ–તેનો અંગીકાર થવાથી; શોભિત–શોભાયમાન છે.



ભાવાર્થ :– હે ઈશ કૃષ્ણ ! આપને મેં પુષ્પો સમર્પણ કર્યાં છે તો મારા ઉપર સદાય (અવિરત) કૃપા કરો; આપની કૃપાથી આનંદ પામેલી દૃષ્ટિની વૃષ્ટિથી તેનો અંગીકાર થવાથી તે શોભાયમાન છે. (૪૭)

**પ્રિયાકારણદૌત્યૈક–ભાવેનાતિપ્રિયં સદા ।**
**વેણું ધૃત્વાऽધરે કૃષ્ણ ! પૂરય સ્વામૃતસ્વરૈઃ ॥૪૮॥**

સંધિવિગ્રહ :– દૌત્યૈકભાવેનાતિપ્રિયં – દૌત્ય+એકભાવેન+અતિપ્રિયં; ધૃત્વાऽધરે – ધૃત્વા+અધરે; (સ્વામૃત – સ્વ+અમૃત).

શબ્દાર્થ, અન્વયાર્થ :– પ્રિયાકારણ – શ્રીપ્રિયાજીના કાજે; દૌત્ય–દૂતિના (સંદેશવાહકના); એકભાવેન–એકમાત્ર ભાવથી; સદા–સદા; અતિપ્રિયં –અતિપ્રિય એવાં; વેણું–વેણુ (મુરલી); અધરે–અધર ઉપર; ધૃત્વા–ધારણ કરીને; કૃષ્ણ–હે કૃષ્ણ !; સ્વામૃતસ્વરૈઃ–નિજ અમૃતમય સ્વરો વડે, પૂરય – (સ્વરો) પૂરો (વેણુવાદન કરો).

ભાવાર્થ :– હે કૃષ્ણ ! શ્રીપ્રિયાજીના કાજે સંદેશવાહકના એકમાત્ર ભાવથી સદા અતિપ્રિય એવાં વેણુ અધર ઉપર ધારણ કરીને તેમાં નિજઅમૃતમય સ્વરો પૂરો (વેણુવાદન કરો). (૪૮)

**પ્રિયાનખાત્મકાદર્શે વિલોકય વદનાંબુજમ્ ।**
**વ્રજાધીશ ! પ્રમુદિતઃ કૃપયા માં વિલોકય ॥૪૯॥**

સંધિવિગ્રહ :– (પ્રિયાનખાત્મકાદર્શે – પ્રિયાનખ+આત્મક+આદર્શે); (વદનાંબુજં–વદન+અંબુજં).

શબ્દાર્થ, અન્વયાર્થ :– પ્રિયાનખાત્મક આદર્શે – શ્રીપ્રિયાજીના નખરૂપી દર્પણમાં; વદનાંબુજં – (આપનું) વદનકમળ; વિલોકય–નીરખીને; પ્રમુદિત–આનંદ પામેલા; વ્રજાધીશ–હે વ્રજાધીશ કૃષ્ણ; કૃપયા–કૃપા કરીને; માં–મારા ઉપર; વિલોકય (કૃપા) દૃષ્ટિ કરો.

ભાવાર્થ :– શ્રીપ્રિયાજીનાં નખરૂપી દર્પણમાં આપનું વદનકમળ નીરખીને આનંદ પામેલા હે વ્રજાધીશ કૃષ્ણ ! કૃપા કરીને આપ મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો. (૪૯)

**ગોપિકાભાવતઃ સ્નેહાદ્‌ભુક્તં તાસાં ગૃહે યથા ।**
**મદર્પિતં તથા ભુંક્ષ્વ કૃપયા ગોપિકાપતે ॥૫૦॥**

<u>સંધિવિગ્રહ :–</u> સ્નેહાદ્‌ભુકતં – સ્નેહાત્‌+ભુકતં; (મદર્પિતં – મત્‌+અર્પિતં).

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> ગોપિકાભાવતઃ – શ્રીગોપીજનોના ભાવથી; યથા – જેવી રીતે; તાસાં – તેમનાં; ગૃહે–ઘરે; સ્નેહાત્‌–સ્નેહપૂર્વક; ભુકતં–આરોગ્યા હતા; તથા–તેવી જ રીતે; ગોપિકાપતે – હે ગોપીનાથ કૃષ્ણ; કૃપયા–કૃપા કરીને; મત્‌ અર્પિતં–મેં અર્પેલું (ધરેલું ભોજન); ભુંક્ષ્વ–આરોગો.

<u>ભાવાર્થ :–</u> શ્રીગોપીજનોના ભાવથી જેવી રીતે તેમનાં ઘરે સ્નેહપૂર્વક આપ આરોગ્યા હતા તેવી જ રીતે હે શ્રીગોપીનાથ કૃષ્ણ! કૃપા કરીને મેં અર્પેલું (ભોજન) આપ આરોગો. (૫૦)

**સ્વર્ણપાત્રે પયઃફેનપાનવ્યાજેન સર્વતઃ ।**
**અભ્યસ્યતિ પ્રાણનાથઃ પ્રિયાપ્રત્યંગચુંબનમ્‌ ॥૫૧॥**

<u>સંધિવિગ્રહ :–</u> (પ્રત્યંગ – પ્રતિ+અંગ).

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> પ્રાણનાથઃ–પ્રાણનાથ શ્રીકૃષ્ણને; સ્વર્ણપાત્રે–સોનાનાં પાત્ર (વાસણ)માં; પયઃ ફેન–દૂધનું ફીણ/ઘૈયા; પાન–વ્યાજેન–પીવાના મિષે; સર્વતઃ–ચારે તરફથી; અભ્યસ્યતિ–વારંવાર ટેવ છે; (તેવી જ રીતે) પ્રિયા–શ્રીપ્રિયાજીના; પ્રત્યંગ–દરેક શ્રીઅંગને; ચુંબનં–વારંવાર ચુંબન કરવાની ટેવ છે.

<u>ભાવાર્થ :–</u> જેવી રીતે પ્રાણનાથ શ્રીકૃષ્ણને સોનાનાં પાત્રમાં દૂધનું ફીણ (ઘૈયા) પીવાના મિષે, ચારે તરફથી, વારંવાર ટેવ છે તેવી જ રીતે શ્રીપ્રિયાજીનાં દરેક શ્રીઅંગને વારંવાર ચુંબન કરવાની ટેવ છે. (૫૧)

**ગોપાર્પિતપયઃફેનપાનં યદ્‌ભાવતઃ કૃતમ્‌ ।**
**મદર્પિતપયઃફેનપાનં તદ્‌ભાવતઃ કુરુ ॥૫૨॥**

<u>સંધિવિગ્રહ :–</u> (ગોપાર્પિત – ગોપ+અર્પિત); (મદર્પિત – મત્‌+અર્પિત);



<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> યદ્‌ભાવતઃ – જે ભાવથી; ગોપાર્પિતપયઃફેન – ગોપ બાળકો (વ્રજભકતો)એ અર્પેલું દૂધનાં ફીણ (ઘૈયા)નું; પાનં–પાન; કૃતં–કર્યું; (તેવી જ રીતે) મદર્પિતં–મેં અર્પણ કરેલું; પયઃફેનપાનં – દૂધનાં ફીણ (ઘૈયા)નું પાન; તદ્‌ભાવતઃ–તેવા જ ભાવથી; કુરુ કરો;

<u>ભાવાર્થ :–</u> જે ભાવથી ગોપબાળકો (વ્રજભકતો)એ અર્પેલા દૂધનાં ફીણ (ઘૈયા)નું પાન કર્યું તેવી જ રીતે મેં અર્પણ કરેલા દૂધનાં ફીણ (ઘૈયા)નું પાન તેવા જ ભાવથી કરો. (૫૨)

**વ્રજસ્ત્રી કૃતશૃંગારા-નંતરં તદ્‌ગૃહે યથા ।**
**અભોજિ પાયસં તાભિઃ સહ ભુંક્ષ્વ તથૈવ મે ॥૫૩॥**

<u>સંધિવિગ્રહ :–</u> (શૃંગારાનંતરં – શૃંગાર+અનંતરં;) તથૈવ – તથા+એવ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજસ્ત્રીકૃતશૃંગાર અનંતરં (વ્રજસ્ત્રીકૃત અનંતર શૃંગાર) – વ્રજવનિતાઓએ કરેલા અખંડ શૃંગાર; યથા–જેવી રીતે; તદ્‌ગૃહે–તેમનાં ઘરે; (અને ત્યાર પછી) તાભિઃ સહ–તેમની સાથે; પાયસં–ખીર; અભોજિ–આરોગ્યા; તથા એવ–તેવી જ રીતે; મે (ગૃહે) મારા ઘરે; ભુંક્ષ્વ–આરોગો;

<u>ભાવાર્થ :–</u> જેવી રીતે વ્રજવનિતાઓએ તેમનાં ઘરે અખંડ શૃંગાર આપને કરેલા અને ત્યાર પછી તેમની સાથે પાયસ (ખીર) આરોગ્યા તેવી જ રીતે મારા ઘરે પણ આરોગો. (૫૩)

**અમંગલનિવૃત્ત્યર્થં મંગલાવાપ્તયે તથા ।**
**કૃતં આરાત્રિકં તેન પ્રસીદ પુરુષોત્તમ ॥૫૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> (નિવૃત્ત્યર્થં – નિવૃત્તિ+અર્થં); (મંગલાવાપ્તયે – મંગલ+અવાપ્તયે);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> અમંગલ નિવૃત્તયર્થ–અમંગલના નિવારણ માટે; તથા–તથા; મંગલ અવાપ્તયે–મંગલની પ્રાપ્તિ માટે; કૃતં આરાત્રિકં–હું આરતી કરું છું (આરતી ઉતારું છું); તેન–તેનાથી; પુરુષોત્તમ–હે પુરુષોત્તમ; પ્રસીદ–પ્રસન્ન થાઓ;

ભાવાર્થ :– અમંગલના નિવારણ માટે તથા મંગલની પ્રાપ્તિ માટે હું આરતી કરું (ઉતારું) છું, તેનાથી હે પુરષોત્તમ ! આપ પ્રસન્ન થાઓ. (૫૪)

**પ્રેમ્ણા મત્પ્રેંખશયનં – દોલને શ્રીયશોદયા ।**
**સિતાદ્યં અર્પિતં ભુક્તં ભુંક્ષ્વેદં ચ તથૈવ મે ॥૫૫॥**

સંધિવિગ્રહ :– સિતાદ્યં – સિતા+આદ્યં; (સિતા–સાકર; આદ્ય – ખાદ્ય, અન્ન); ભુંક્ષ્વેદં – ભુંક્ષ્વ+ઈદં; તથૈવ – તથા+એવ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– મત્–મારું; પ્રેંખ–પાલનામાં; શયનં–બિરાજવું; (તથા) દોલને–ઝૂલવું (હું પલનામાં બિરાજી ઝૂલું) (ત્યારે); શ્રીયશોદયા–શ્રીયશોદાજીએ; પ્રેમ્ણા–પ્રેમપૂર્વક; સિતા આદ્યં–સાકરવાળું અન્ન (સામગ્રી); અર્પિતં–અર્પેલું તે; ભુક્તં–મેં (જેવી રીતે) આરોગેલું; તથા એવ–તે જ પ્રમાણે; મે–મારું/મેં; (અર્પણ કરેલું); ઈદં–આ; (સામગ્રી); ભુંક્ષ્વ–આરોગો;

ભાવાર્થ :– પલનામાં બિરાજાવીને શ્રીયશોદા માતાજીએ પ્રેમપૂર્વક સાકરવાળી સામગ્રી અર્પેલી તે જેવી રીતે આરોગી તે જ પ્રમાણે મેં અર્પણ કરેલી આ સામગ્રી આપ આરોગો. (૫૫)

**તતો અગ્રે ક્ષણં ક્રીડાર્થં અક્ષાદીન્ નિવેદયેત્**

(તતઃ અગ્રે ક્ષણં ક્રીડાર્થં અક્ષાદીન્ નિવેદયેત્) (ક્ષણ–આનંદ)
(પછી આપની આગળ આનંદ માટે ખેલવા માટે પાસાનાં રમકડાં ધરવાં)

**ક્રીડારૂપાત્મકૈરક્ષૈઃ ક્રીડાર્થં સ્થાપિતૈઃ પ્રભો ।**
**ક્રીડાં કુરુ મહારાજ ! ગોપિકાભિશ્ચ રાધયા ॥૫૬॥**

સંધિવિગ્રહ :– ક્રીડાત્મકૈરક્ષૈઃ – ક્રીડાત્મકૈઃ+અક્ષૈઃ; ગોપિકાભિશ્ચ–ગોપિકાભિઃ+ચ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– પ્રભો–હે પ્રભુ શ્રીકૃષ્ણ; ક્રીડાર્થં–આપને ખેલાવવા માટે; સ્થાપિતૈઃ – (સામે) મૂકેલા; ક્રીડાત્મકૈઃ–ક્રીડાત્મક; અક્ષૈઃ–પાસાઓ વડે; મહારાજ–હે મહારાજ; (આપ) રાધયા–શ્રીરાધાજી; ચ–અને; ગોપિકાભિઃ–ગોપિકાઓ સાથે; ક્રીડાં કુરુ–ક્રીડા કરો (ખેલો);



ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ પ્રભુ ! આપને ખેલાવવા માટે સામે મૂકેલા પાસાઓ વડે હે મહારાજ ! આપ શ્રીરાધાજી અને ગોપિકાઓ સાથે ક્રીડા કરો (ખેલો). (૫૬)

**શ્રીમદ્રાધાંગસૌગંધ્યા–ગરુધૂપાર્પણાદ્ વિભો ।**
**ભાવાત્મકૃતસામગ્ર્યા ભોગેચ્છાં પ્રકટીકુરુ ॥૫૭॥**

સંધિવિગ્રહ :– (રાધાંગ–રાધા+અંગ); સૌગંધ્યાગરુધૂપાર્પણાદ્ વિભો–સૌગંધ્ય+અગરુધૂપં+અર્પણાત્+વિભો; (ભોગેચ્છાં – ભોગ+ઈચ્છાં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– શ્રીમદ્–શોભાયુક્ત; રાધા અંગ–શ્રીરાધાજીનાં શ્રીઅંગના; સૌગંધ્ય–સૌરભ/સુવાસ; અગરુ–ચંદન; ધૂપ–ધૂપ; અર્પણાત્–અર્પણ કરવાથી; વિભો–હે શ્રીકૃષ્ણવિભુ; ભાવાત્મક–ભાવપૂર્ણ; કૃત સામગ્ર્યા–રીતે કરેલી સામગ્રી દ્વારા; ભોગેચ્છાં–આરોગવાની ઈચ્છા; પ્રકટીકુરુ–પ્રકટ કરો;

ભાવાર્થ :– હે શ્રીકૃષ્ણ પ્રભુ ! શોભાયમાન શ્રીરાધાજીનાં શ્રીઅંગના સૌરભયુકલત ચંદન, તથા ધૂપ આપને અર્પણ કરવાથી ભાવસભર રીતે સિદ્ધ કરેલી સામગ્રી દ્વારા આરોગવાની ઈચ્છા પ્રકટ કરો. (૫૭)

**દીપઃ સમર્પિતો ભોગ્ય–રૂપાન્નાર્થપ્રદીપને ।**
**તદ્દીપનેન ચોદ્દીપ્ત–ભાવો ભોજનમાચર ॥૫૮॥**

સંધિવિગ્રહ :– સમર્પિતો ભોગ્ય – સમર્પિતઃ+ભોગ્ય; રૂપાન્નાર્થ – રૂપ+અન્નાર્થ; તદ્દીપનેન – તદ્+દીપનેન; ચોદ્દીપ્ત – ચ+ઉદ્દીપ્ત; ભાવો ભોજનામાચર – ભાવઃ+ભોજનં+આચર.

શબ્દાર્થ, અન્વયાર્થ :– ભોગ્યરૂપ અન્નાર્થ–ભોગ્યરૂપ અન્ન (માટે); પ્રદીપને–પ્રદીપ્ત થાય તે માટે; દીપઃ સમર્પિતઃ–દીપ પ્રકટાવ્યો છે; ચ–અને; તદ્દીપનેન–તે ઉદ્દીપનથી; ઉદ્દીપ્તભાવઃ–ઉદ્દીપ્ત થયેલા ભાવથી; ભોજનં આચર–આપ ભોજન કરો.

ભાવાર્થ :– ભોગ્યરૂપ અન્ન પ્રદીપ્ત થાય તે માટે દીપ પ્રકટાવ્યો છે; અને તે ઉદ્દીપન–ઉદ્દીપ્ત થયેલા ભાવથી આપ ભોજન કરો. (૫૮)

વ્રજસ્ત્રીકરયુગ્માત્મ-યંત્રે પાત્રં ચ તન્મયમ્ ।
સ્થાપિતં તે ભોજનાર્થં ભોગ્યભોજ્યાન્નસંભૃતમ્ ॥૫૯॥

સંધિવિગ્રહ :– યુગ્માત્મયંત્રે – યુગ્મ+આત્મ+યંત્રે; (યંત્ર–સાધન); ભોજ્યાન્ન–ભોજ્ય+અન્ન;

શબ્દાર્થ, અન્વયાર્થ :– તન્મયં વ્રજસ્ત્રી–તન્મય એવી વ્રજવનિતાઓના; કરયુગ્મ–યુગલ કરોમાં; આત્મયંત્રે–નિજ સાધનથી; સંભૃતં–તૈયાર કરેલું; યોગ્ય ભોજ્યાન્ન–યોગ્ય ભોજન; પાત્રં સ્થાપિતં–પાત્રોમાં પધરાવ્યું છે; (તે) (તવ)–તમારા, આપના; ભોજનાર્થં–ભોજન માટે છે;

ભાવાર્થ :– તન્મય એવી વ્રજવનિતાઓના યુગલ કરોમાં નિજ સાધનથી તૈયાર (સિદ્ધ) કરેલું યોગ્ય ભોજન પાત્રોમાં પધરાવ્યું છે તે આપના ભોજન માટે છે. (૫૯) (નોંધ – શ્લોક નં. ૧૩ અહીં ફરીથી લીધો છે)

સ્વર્ણપાત્રેષુ દુગ્ધાદિ-દધ્યાદ્યં રાજતેષુ ચ ।
મૃત્પાત્રેષુ રસાલાદ્યં ભોજ્યં સદ્રોચકાદિકમ્ ॥૬૦॥

સંધિવિગ્રહ :– દુગ્ધાદિ–દુગ્ધ+આદિ; દધ્યાદ્યં–દધિ+આદ્યં; મૃત્પાત્રેષુ–મૃદ્ +પાત્રેષુ; રસાલાદ્યં–રસાલ+આદ્યં; સદ્રોચકાદિકમ્–સત્+રોચક+આદિ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– દુગ્ધાદિ–દૂધ વગેરે (સામગ્રી); સ્વર્ણપાત્રેષુ– સોનાનાં પાત્રોમાં; ચ–અને; દધ્યાદ્યં–દહીં વગેરે; રાજતેષુ–રૂપાનાં પાત્રોમાં; રસાલાદ્યં–દહીની એક મીઠી વાનગી વગેરે; ——; સદ્ રોચકાદિકં–સુંદર રોચક વાનગી (વગેરે); ભોજ્યં–ભોજન; મૃત્પાત્રેષુ–માટીનાં પાત્રોમાં (ધર્યું છે);

ભાવાર્થ :– દૂધ વગેરે સામગ્રી સોનાનાં પાત્રોમાં; દહીં વગેરે રૂપાનાં પાત્રોમાં; દહીની એક મીઠી વાનગી, સુંદર રોચક વાનગી માટીનાં પાત્રોમાં ધરી છે. (૬૦)

રાજતે નવનીતં ચ પાત્રે હૈમે સિતા તથા ।
યથાયોગ્યેષુ પાત્રેષુ પાયસવ્યંજનાદિકમ્ ॥૬૧॥

સંધિવિગ્રહ :– (વ્યંજનાદિકં–વ્યંજન+આદિકં);



શબ્દાર્થ, અન્વયાર્થ :– નવનીતં–માખણ; રાજતે પાત્રે–રૂપાનાં પાત્રમાં; તથા–તથા; સિતા–ખડી સાકર; હૈમે–સોનાનાં પાત્રમાં; (તેમજ) પાયસ વ્યંજનાદિકં–ખીર વગેરે વાનગીઓ; યથાયોગ્યેષુ પાત્રેષુ–તે તે વાનગીઓનાં યોગ્ય પાત્રોમાં ધરી છે;

ભાવાર્થ :– માખણ રૂપાનાં પાત્રમાં, ખડી સાકર સોનાનાં પાત્રમાં તેમજ ખીર વગેરે વાનગીઓ તે તે વાનગીઓનાં યોગ્ય પાત્રોમાં ધરી છે. (૬૧)

સૂપૌદનં પોલિકાદિ તથાન્નં ચ ચતુર્વિધમ્ ।
ભુંક્ષ્વ ભાવૈકસંશુદ્ધં રાધયા સહિતો હરે ! ॥૬૨॥

સંધિવિગ્રહ :– સૂપૌદનં – સૂપ+ઓદનં; પોલિકાદિ – પોલિકા+આદિ; તથાન્નં – તથા+અન્નં; સહિતો હરે – સહિતઃ+હરે;

શબ્દાર્થ, અન્વયાર્થ :– રાધયા સહિતઃ – શ્રીરાધાજીની સાથે; હરે–હે હરિ; સૂપ ઓદનં–સૂપ અને રાંધેલો ભાત (અથવા ખીર); પોલિકા– પૂરણપોળી; આદિ વગેરે; તથા ચ–તેમજ; ચતુર્વિધં અન્નં– ચાર પ્રકારનું અથવા વિવિધ પ્રકારનું અન્ન; ભાવૈકસંશુદ્ધં–ભાવ માત્રથી શુદ્ધ (પવિત્ર) થયેલું અન્ન; ભુંક્ષ્વ–આપ આરોગો;

ભાવાર્થ :– શ્રીરાધાજીની સાથે હે હરિ ! સૂપ અને રાંધેલો ભાત અથવા ખીર, પૂરણપોળી વગેરે તેમજ ભાવ માત્રથી શુદ્ધ (પવિત્ર) થયેલું ચાર અથવા વિવિધ પ્રકારનું અન્ન આપ આરોગો. (૬૨)

કંબુનામ્નાતિપ્રિયશ્રી - શંખાંતર્ગતવારિણા ।
દૃષ્ટ્યાદિદોષાભાવાય સામગ્રી પ્રોક્ષિતા વિભો ॥૬૩॥

સંધિવિગ્રહ :– (કંબુનામ્નાતિપ્રિય – કંબુનામ્ના+ અતિપ્રિય;
શંખાંતર્ગત–શંખ+ અંતર્ગત;(દૃષ્ટાદિદોષાભાવાય–દૃષ્ટિ+ આદિ
+ દોષત્રઅભાવાય)

શબ્દાર્થ, અન્વયાર્થ :– વિભો–હે શ્રીકૃષ્ણવિભુ; કંબુનામ્ના–કંબુ નામના; અતિપ્રિય–(આપને) અતિપ્રિય; શ્રીશંખાંતર્ગત–શંખમાં રહેલા; વારિણા–જળ

(ઘી); સામગ્રી પ્રોક્ષિતા–સામગ્રીને જળથી છાંટીને શુદ્ધ કરી છે; જેથી કોઈની પણ નજર ન લાગે.

<u>ભાવાર્થ :–</u> હે શ્રીકૃષ્ણ વિભુ ! આપને અતિપ્રિય એવા કંબુ નામના શંખમાં રહેલા જળ(ઘી) સામગ્રીને છાંટીને શુદ્ધ કરી છે. જેથી કોઈની પણ નજર ન લાગે. (૬૩)

**પ્રક્ષિપ્તા તુલસી તેઽતિ-પ્રિયગંધા તથૈવ ચ ।**
**કુરુષ્વ તેનાતિતુષ્ટો ભોજનં વ્રજનાયક ॥૬૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> તેઽતિપ્રિયગંધા – તે+ અતિપ્રિયગંધા; તથૈવ – તથા+ એવ; તેનાતિતુષ્ટો ભોજનં – તેન+ અતિતુષ્ટ+ ભોજનં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજનાયક–હે વ્રજનાયક શ્રીકૃષ્ણ; તે–આપને; અતિપ્રિયગંધા–અતિપ્રિયગંધવાળાં; તુલસી–તુલસી; (સામગ્રીમાં) પ્રક્ષિપ્તા–પધરાવ્યાં છે; તથા એવ ચ – તેથી જ; તેન–તેનાથી; અતિતુષ્ટઃ–અતિ સંતુષ્ટ થયેલા; (આપ) ભોજનં–ભોજન; કુરુષ્વ–કરો;

<u>ભાવાર્થ :–</u> હે વ્રજનાયક શ્રીકૃષ્ણ ! આપને અતિપ્રિય ગંધવાળાં તુલસી સામગ્રીમાં પધરાવ્યાં છે, તેથી તેનાથી જ અતિસંતુષ્ટ થયેલા આપ ભોજન કરો. (૬૪)

**સ્વાર્થપ્રકટસેવાખ્ય - માર્ગે શ્રીવલ્લભપ્રભો ।**
**નિવેદિતસ્ય મે ભોજ્યં સ્વાસ્યે કુરુ હુતાશન ॥૬૫॥**

<u>સંધિવિગ્રહ :–</u> (સ્વાર્થ–સ્વ (નિજ)+ અર્થ); (સેવાખ્ય–સેવા+ આખ્ય); (સ્વાસ્યે – સ્વ+ આસ્યે);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> હુતાશન–અગ્નિ (સ્વરૂપ); શ્રીવલ્લભ પ્રભો –હે શ્રીવલ્લભ પ્રભુ; સ્વાર્થ–નિજ (ભકતો) કાજે; પ્રકટ–પ્રકટ કરેલા; સેવાઆખ્ય–સેવા નામના; માર્ગે–માર્ગમાં; મે–મેં; નિવેદિતસ્ય–નિવેદન કરેલું (ધરેલું); ભક્ષ્યં–ભોજન; સ્વ અસ્યે–આપનાં મુખમાં; કુરુ–પધરાવો;

<u>ભાવાર્થ :–</u> હે અગ્નિ સ્વરૂપ વલ્લભ પ્રભુ ! નિજ (ભકતો) કાજે પ્રકટ કરેલા સેવા નામના માર્ગમાં મેં નિવેદન કરેલું (ધરેલું) ભોજન આપનાં મુખમાં પધરાવો. (૬૫)



**ગોકુલેશ ! તવોચ્છિષ્ટલેપાત્ પાત્રમાર્જનાત્ ।**
**ત્વત્સેવાંતરધર્મેષુ રતિર્ભવતિ નિશ્ચલા ॥૬૬॥**

<u>સંધિવિગ્રહ :–</u> (તવોચ્છિષ્ટ – તવ+ ઉચ્છિષ્ટ); (ત્વત્સેવાંતર – ત્વત્+ સેવાત્રઅંતર); રતિર્ભવતિ – રતિઃ+ ભવતિ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> ગોકુલેશ–હે શ્રીગોકુલનાથજી; તવ–આપે; ઉચ્છિષ્ટ–ઉચ્છિષ્ટ; લેપાત્–લેપનથી; પાત્ર માર્જનાત્–પાત્રને (લેપ લગાડી) સાફ કરવાથી; ત્વત્–આપની; સેવાંતર–ઉત્તામસેવાના; ધર્મેષુ–ધર્મમાં; નિશ્ચલા–અવિચલ; રતિઃ–પ્રીતિ; ભવતિ–થાય છે;

<u>ભાવાર્થ :–</u> હે શ્રીગોકુલનાથજી ! આપના ઉચ્છિષ્ટ પાત્રને (લેપ લગાડી) સાફ કરવાથી આપની ઉત્તમ સેવાના ધર્મમાં અવિચલ પ્રીતિ (ઉત્પન્ન) થાય છે. (૬૬)

**પ્રિયાંગગંધસુરભિ - તુલસી તે પદપ્રિયામ્ ।**
**સમર્પયામિ મે દેહિ હરે દેહમલૌકિકમ્ ॥૬૭॥**

<u>સંધિવિગ્રહ :–</u> (પ્રિયાંગ – પ્રિયા+ અંગ); દેહમલૌકિકં – દેહં+અલૌકિકં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> હરે–હે હરિ (શ્રીકૃષ્ણ); પ્રિયાંગ–શ્રીપ્રિયાજીની શ્રીઅંગની ગંધ–સૌરભરૂપી; તે–આપનાં; પદપ્રિયાં–ચરણોને પ્રિય એવાં; તુલસી–તુલસી; સમર્પયામિ–હું આપને સમર્પણ કરું છું; (તો) મે–મને; અલૌકિકં–અલૌકિક; દેહં–દેહ; દેહિ–આપો;

<u>ભાવાર્થ :–</u> હે હરિશ્રીકૃષ્ણ ! શ્રીપ્રિયાજીના શ્રીઅંગની ગંધ – સૌરભરૂપી આપનાં ચરણોને પ્રિય એવાં તુલસી હું આપને સમર્પણ કરું છું, તો મને આપ અલૌકિક દેહ આપો (૬૭)

**પ્રસીદ પૂજિતો ભક્ત્યા તુલસ્યા પ્રિયગંધયા ।**
**નિષ્કિંચનાધીશ નાન્યત્ કર્તુ શક્નોમિ સર્વથા ॥૬૮॥**

<u>સંધિવિગ્રહ :–</u> પૂજિતો ભકત્યા – પૂજિતઃ+ ભકત્યા; (નિષ્કિંચનાધીશ – નિઃષ્કિંચન+ અધીશ; (નિષ્કિંચન–નિઃ+ કિંચન)); નાન્યતુ – ન+ અન્યત્;

શબ્દાર્થ, અન્વયાર્થ :– નિષ્કિંચનાધીશ–હે અકિંચન (નિઃસાધન)ના અધીશ; તુલસ્યા પ્રિયગંધયા–પ્રિયગંધા તુલસી દ્વારા; ભક્લત્યા– ભક્તિપૂર્વક; પૂજિતા–આપ પુજાયા છો; (તો) પ્રસીદ–(મારા ઉપર) પ્રસન્ન થાઓ; (હું); સર્વથા–સર્વથા; અન્યત્–અન્ય કાંઈ; કર્તું–કરવા; ન શક્લનોમિ–શક્તિમાન નથી;

ભાવાર્થ :– હે અકિંચનના અધીશ ! પ્રિયગંધા તુલસી દ્વારા ભક્તિપૂર્વક આપ પુજાયા છો; તો મારા ઉપર પ્રસન્ન થાઓ (કારણકે) સર્વથા અન્ય કાંઈ કરવા હું શક્તિમાન નથી. (૬૮)

**હૃત્પંકજાત્મકં સ્વર્ણં પાદપીઠં સમર્પિતમ્ ।**
**પાદૌ ધૃત્વા ગોકુલેશ ! હૃત્તાપં સમપાકુરુ ॥૬૯॥**

સંધિવિગ્રહ :– (હૃત્પંજાત્મકં – હૃદ્+ પંકજ+આત્મકં); (હૃત્તાપં–હૃદ્+તાપં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– હૃત્પંકજાત્મકં–હૃદયકમળરૂપી; સ્વર્ણં–સોનાની; પાદપીઠં–બાજઠ; સમર્પિતં–સમર્પણ કરી છે (મૂકી છે); ગોકુલેશ–હે શ્રીગોકુલેશ પ્રભુ; પાદૌ–આપનાં ચરણ; ધૃત્વા–મૂકીને (તેના પર મૂકીને); હૃત્તાપં–(મારા)હૃદયનો તાપ(વિરહતાપ); સમપાકુરુ–દૂર કરો;

ભાવાર્થ :– હૃદય કમળરૂપી સોનાની બાજઠ ધરી (મૂકી) છે, હે શ્રીગોકુલેશ પ્રભુ ! આપનાં ચરણ તેના પર ધરીને મારા હૃદયનો (વિરહ) તાપ દૂર કરો. (૬૯)

**ભક્તાર્થાવિર્ભૂતરૂપ કૃષ્ણ ! તે ચરણાબ્જયોઃ ।**
**સર્વાશુભવિનાશાર્થં ન્યસ્તઃ પુષ્પાંજલિઃ શુભઃ ॥૭૦॥**

સંધિવિગ્રહ :– (ભક્તાર્થાવિર્ભૂતરૂપ – ભક્લત+ અર્થ+ આવિર્ભૂતરૂપ); (ચરણાબ્જયોઃ – ચરણ+ અબ્જયોઃ (અબ્જ–અપ્+ જ); (સર્વાશુભ – સર્વ+ અશુભ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– ભક્તાર્થાવિર્ભૂતરૂપ–ભક્તો માટે આવિર્ભાવરૂપ; કૃષ્ણ–હે શ્રીકૃષ્ણ પ્રભુ; તે–આપનાં; ચરણાબ્જયોઃ–ચરણકમળોમાં;



સર્વાશુભવિનાશાર્થં–સર્વ અશુભોનો નાશ કરવા; શુભઃ પુષ્પાંજલિઃ– શુભ પુષ્પાંજલિ; ન્યસ્તઃ– ઉપર મૂકી (ધરી) છે;

ભાવાર્થ :– ભક્તો માટે આવિર્ભૂત થનારા હે શ્રીકૃષ્ણ પ્રભુ ! આપનાં ચરણકમળોમાં સર્વ અશુભોનો નાશ કરવા શુભપુષ્પાંજલિ ધરી (મૂકી) છે. (૭૦)

**અમંગલનિવૃત્ત્યર્થં મંગલાવાપ્તયે તથા ।**
**કૃતં આરાત્રિકં તેન પ્રસીદ પુરુષોત્તમ ॥૭૧॥**

સંધિવિગ્રહ :– (નિવૃત્ત્યર્થં – નિવૃત્તિ + અર્થં); મંગલાવાપ્તયે – મંગલ + અવાપ્તયે;

શબ્દાર્થ, અન્વયાર્થ :– અમંગલનિવૃત્ત્યર્થં–અમંગલના નિવારણ માટે; તથા–તથા; મંગલાવાપ્તયે–મંગલની પ્રાપ્તિ માટે; કૃતં આરાત્રિકં–હું આરતી કરું (ઉતારું) છું; તેન–તેનાથી; પુરુષોત્તમ–હે પુરુષોત્તમ; પ્રસીદ–પ્રસન્ન થાઓ;

ભાવાર્થ :– અમંગલના નિવારણ માટે તથા મંગલની પ્રાપ્તિ માટે હું આરતી કરું (ઉતારું) છું; તેનાથી હે પુરુષોત્તમ ! પ્રસન્ન થાઓ. (૭૧)

**પ્રીતો દેહિ સ્વદાસ્યં મે પુરુષાર્થાત્મકં સ્વતઃ ।**
**ત્વદ્દાસ્યસિદ્ધૌ દાસાનાં ન કિંચિદ્અવશિષ્યતે ॥૭૨॥**

સંધિવિગ્રહ :– પ્રીતો દેહિ – પ્રીતઃ+ દેહિ; (ત્વદ્દાસ્યં – ત્વત્ + દાસ્યં); કિંચિદ્અવશિષ્યતે – કિંચિત્ + અવશિષ્યતે;

શબ્દાર્થ, અન્વયાર્થ :– સ્વતઃ–જો આપ પોતાની મેળે જ; પ્રીતઃ–પ્રસન્ન થયા હો; (તો) મે–મને; પુરુષાર્થાત્મકં–પુરુષાર્થસભર; સ્વદાસ્યં–આપનું દાસત્વ; દેહિ–આપો; ત્વદ્દાસ્ય સિદ્ધૌ–આપનું દાસત્વ સિદ્ધ થતાં; દાસાનાં – દાસોને; કિંચિદ્–કાંઈ પણ; ન અવશિષ્યતે–કરવાનું બાકી રહેતું નથી;

ભાવાર્થ :– જો આપ જાતે જ પ્રસન્ન થયા હો તો મને પુરુષાર્થસભર આપનું

દાસત્વ આપો; આપનું દાસત્વ સિદ્ધ થતાં દાસોને કાંઈપણ કરવાનું બાકી રહેતું નથી. (૭૨)

**એતાવદેવ વિજ્ઞાપ્યં સર્વથા સર્વદૈવ મે ।**
**ત્વમીશ્વરોऽસિ ગીતં તે ક્ષુદ્રોऽહં ન વિદામિ હિ ॥૭૩॥**

<u>સંધિવિગ્રહ :–</u> એતાવદેવ – એતાવત્ + એવ; સર્વદૈવ – સર્વદા + એવ; ત્વમીશ્વરોऽસિ – ત્વં + ઈશ્વરઃ+અસિ; ક્ષુદ્રોऽહં–ક્ષુદ્રઃ + અહં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> મે–મારે; સર્વથા–સર્વ રીતે; (તથા) સર્વદા–સર્વદા; (એવ–જ); એતાવદેવ–આટલું જ; વિજ્ઞાપ્યં–જાણવું જોઈએ; (કે) ત્વં–આપ; ઈશ્વરઃ અસિ–ઈશ્વર છો (એવું) તે–આપનાં (વિશે); ગીતં–કહેવાયું છે; (તે) અહં ક્ષુદ્રઃ–હું પામર; હિ–ખરેખર; ન વિદામિ– જાણતો નથી;

<u>ભાવાર્થ :–</u> મારે સર્વ રીતે સર્વદા આટલું જ જાણવું જોઈએ કે આપ ઈશ્વર છો એવું આપના વિશે જે કહેવાયું છે તે હું ખરેખર પામર હોવાથી જાણતો નથી. (૭૩)

**પરમકારુણિકો ન ભવત્પરઃ પરમશોચ્યતમો ન હિ મત્પરઃ ।**
**ઈતિ વિચિંત્ય સદા મયિ કિંકરે યદુચિતં વ્રજનાથ તવાચર ॥૭૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> પરમકારુણિકો ન – પરમકારુણિકઃ+ ન; પરમશોચ્યતમો ન – પરમશોચ્યતમઃ + ન; યદુચિતં – યત્ + ઉચિતં; તવાચર – તવ + આચર;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજનાથ–હે વ્રજનાથ; ભવત્–આપનાથી; પર–શ્રેષ્ઠ; પરમકારુણિકઃ–અતિ દયાળુ; ન–(બીજો કોઈ)નથી; મત્ પરઃ–મારાથી બીજો કોઈ; પરમશોચ્યતમઃ–અત્યંત શોકજનક; હિ–ખરેખર; ન–નથી; ઈતિ–એમ; વિચિંત્ય–વિચારીને; સદા સદાય આપના; કિંકર–દાસ ઉપર; મયિ–મારા ઉપર (મને) યત્–જે; તવ–આપને; ઉચિતં–ઉચિત લાગે; (તેમ) આચર–કરો;

<u>ભાવાર્થ :–</u> હે વ્રજનાથ ! આપનાથી બીજો કોઈ શ્રેષ્ઠ અતિદયાળુ નથી, મારાથી બીજો કોઈ ખરેખર અત્યંત શોકજનક નથી (મારે માટે બીજું કાંઈ શોકજનક નથી) એમ વિચારીને સદાય આપના દાસ એવા મારા ઉપર આપને જે યોગ્ય લાગે તેમ કરો. (૭૪)



(શિખરિણી છંદ)

**કિયાન્ પૂર્વં જીવસ્તદુચિતકૃતિશ્ચાપિ કિયતિ**
**ભવાન્ યત્સાપેક્ષો નિજચરણદાસ્યે બત ભવેત્ ।**
**અતઃ સ્વાત્માનં સ્વં નિરુપમમહત્ત્વં વ્રજપતે**
**સમીક્ષ્યાસ્મન્ નેત્રે શિશિરય નિજાસ્યાંબુજરસૈઃ ॥૭૫॥**

<u>સંધિવિગ્રહ :–</u> જીવસ્તદુચિતકૃતિશ્ચાપિ – જીવઃ + તત્ + ઉચિતકૃતિઃ + ચ + અપિ; યત્સાપેક્ષો નિજચરણદાસ્યે – યત્ + સાપેક્ષઃ + નિજચરણદાસ્યે; સમીક્ષ્યાસ્મન્ નેત્રે – સમીક્ષ્ય + અસ્મત્ + નેત્રે; નિજાસ્યાંબુજરસૈઃ – નિજ + આસ્ય + અંબુજરસૈઃ;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજપતે–હે વ્રજરાજ; પૂર્વં–પૂર્વ (જીવન)માં; જીવઃ–જીવ; કિયાન્–કેવો (હતો); તદ્‌ઉચિત–તેને ઉચિત; કૃતિઃ ચઅપિ–કૃતિપણ; કિયતિ–કેવી; બત–અરે; નિજચરણ દાસ્યે–આપનાં ચરણોનાં દાસત્વ પ્રત્યે; ભવાન્–આપ; યત્–જે; સાપેક્ષઃ–પક્ષપાતી; ભવેત્ – (થાઓ) છો; (તો) સ્વં – આપનું; સ્વાત્માનં–નિજાત્મક; નિરુપમમહત્તવં–નિરુપમ મહત્ત્વ; સમીક્ષ્ય–જોઈને; નિજ આસ્ય અંબુજરસૈઃ – આપના વદનકમળરૂપી રસથી; અસ્મત્– મારાં; નેત્રે – નેત્રોને; શિશિરય – શીતલ કરો;

<u>ભાવાર્થ :–</u> હે વ્રજરાજ ! પૂર્વ જીવનમાં જીવ કેવો હતો ? તેને ઉચિત તેની કૃતિ પણ કેવી હતી ? અરે ! આપનાં ચરણોનાં દાસત્વ પ્રત્યે આપ જે પક્ષપાતી છો, તો આપનું નિજાત્મક નિરુપમ (અનુપમ) મહત્ત્વ જોઈને આપનાં વદનકમળ રૂપી રસથી મારાં નેત્રોને શીતલ કરો. (૭૫)

**સ્વદોષાન્ જાનામિ સ્વકૃતિવિહિતૈઃ સાધનશતૈઃ**
**અભેદ્યાંસ્ત્યક્તું ચાપટુતરમના યદ્યપિ વિભો ।**
**તથાપિ શ્રીગોપીજનપદપરાગાંચિતશિરાઃ**
**ત્વદીયોઽસ્મીતિ શ્રીવ્રજનૃપ ન શોચામિ મુદિતઃ ॥૭૬॥**

<u>સંધિવિગ્રહ :–</u> અભેદ્યાંસ્ત્યક્તું – અભેદ્યાન્ + ત્યક્તું; ચાપટુતરમના

યદ્યપિ—ચ + અપટુતરમનાઃ + યદ્યપિ (યદ્યપિ – યદિ + અપિ); તથાપિ – તથા + અપિ; (પરાગાંચિતશિરાઃ – પરાગ + અંચિતશિરાઃ; ત્વદીયોઽસ્મીતિ – ત્વદીયઃ + અસ્મિ + ઈતિ;

શબ્દાર્થ, અન્વયાર્થ :– અપટુતરમનાઃ – મારું મન અચતુર હોવા (ચતુર ન હોવા); યદ્યપિ–છતાં (તથા) સ્વ દોષાન્ અભેદ્યાન્ – મારા અભેદ્ય દોષો; જાનામિ–હું જાણું છું (મારા અભેદ્ય એવા દોષોને જાણવા છતાં); સ્વકૃતિવિહિતૈઃ–મારી નિયત કૃતિ રૂપી; સાધન શતૈઃ–સેંકડો સાધનો વડે; (તે દોષો) ત્યક્તું–ત્યજતો નથી; તથાપિ–આમ છતાં; શ્રીગોપીજન–પદપરાગાંચિતશિરાઃ–શ્રીગોપીજનોનાં ચરણ પરાગોમાં રહેલા ભાવરૂપ; શ્રીવ્રજનૃપ–હે શ્રી વ્રજરાજ; ત્વદીયઃ અસ્મિ ઈતિ–હું આપનો છું (એમ સમજી); ન શોચામિ–શોક પામતો નથી; મુદિતઃ–આનંદિત છું.

ભાવાર્થ :– હે શ્રીવ્રજરાજ (કૃષ્ણ) ! મારું મન ચતુર ન હોવા છતાં, મારા અભેદ્ય એવા દોષોને જાણવા છતાં (તેમને) મારી નિયતકૃતિરૂપ સેંકડો સાધનો વડે તે દોષો ત્યજી શકતો નથી; આમ છતાં શ્રીગોપીજનોનાં ચરણ–પરાગોમાં રહેલા ભાવરૂપ હું આપનો છું એમ સમજી શોક કરતો નથી, પણ આનંદિત છું. (૭૬)

(અનુષ્ટુભ્ છંદ)

પ્રિયાસંકેતકુંજીય - વૃક્ષમૂલેષુ પલ્લવૈઃ ।
કૃતેષુ ભાવતલ્પેષુ ક્રીડન્ ગોચારણં કુરુ ॥૭૭॥

સંધિવિગ્રહ :– – – –

શબ્દાર્થ, અન્વયાર્થ :– (શ્રીવ્રજનૃપ–હે શ્રીવ્રજરાજ કૃષ્ણ); પ્રિયા સંકેતકુંજીય–શ્રીપ્રિયાજીએ કરેલા સંકેત મુજબ કુંજમાં આવેલાં; વૃક્ષમૂલેષુ–વૃક્ષનાં મૂળમાં; પલ્લવૈઃ–પર્ણો વડે; કૃતેષુ ભાવ તલ્પેષુ–કરેલી ભાવશૈયાઓમાં; ક્રીડન્–ક્રીડા કરતા કરતા; ગોચારણં કુરુ–ગાયો ચરાવો;

ભાવાર્થ :– હે વ્રજરાજ શ્રીકૃષ્ણ ! શ્રીપ્રિયાજીએ કરેલા સંકેત મુજબ કુંજમાં આવેલાં વૃક્ષનાં મૂળમાં પર્ણો વડે – કરેલી ભાવશૈયાઓમાં ક્રીડા કરતા કરતા આપ ગાયો ચરાવો. (૭૭)



સેવિતોઽત્ર હરે રંતું ગૃહે મદ્દ્હૃદયાત્મકે ।
નિમીલયામિ દૃગ્દ્વારં વિલસૈકાંતસદ્મનિ ॥૭૮॥

સંધિવિગ્રહ :– સેવિતોઽત્ર – સેવિતઃ + અત્ર; મદ્દ્હૃદયાત્મકે – મત્ + હૃદયાત્મકે; (દૃગ્દ્વારં – દૃશ્ + દ્વારં); (વિલસૈકાંતસદ્મનિ – વિલસ + એકાંતસદ્મનિ);

શબ્દાર્થ, અન્વયાર્થ :– હરે–હે હરિ (શ્રીકૃષ્ણ); મદ્દ્હૃદયાત્મકે ગૃહે–મારાં હૃદયરૂપી ઘરમાં; રંતુમ્–રમવા(ક્રીડા કરવા) (આપ પધાર્યા છો); (તેથી) દૃગ્દ્વારં – મારાં નેત્રરૂપી દ્વાર; નિમીલયામિ–બંધ કરું છું; (તેમાં) ક્રીડન્ – ક્રીડા કરતા કરતા; (આપ) (ગોચારણં કુરુ–ગાયો ચરાવો);

ભાવાર્થ :– હે હરિ શ્રીકૃષ્ણ ! મારાં હૃદયરૂપી ઘરમાં ક્રીડા કરવા આપ પધાર્યા છો ! તેથી મારાં નેત્રરૂપીદ્વાર બંધ કરું છું; તેમાં ક્રીડા કરતા કરતા આપ ગાયો ચરાવો. (૭૮)

વસ્ત્રપ્રક્ષાલનાદ્ દુષ્ટસંસર્ગજમનોમલમ્ ।
મહત્સેવાબાધરૂપં મમ કૃષ્ણ ! નિવારય ॥૭૯॥

સંધિવિગ્રહ :– (પ્રક્ષાલનાદ્ દુષ્ટ – પ્રક્ષાલનાત્ + દુષ્ટ); (મનોમલં – મનઃ + મલં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– મહત્સેવાબાધરૂપં – મહાપુરુષોની સેવામાં બાધારૂપ; (એવો); દુષ્ટસંસર્ગજ–દુષ્ટજનોના સંસર્ગથી ઉત્પન્ન થયેલો; મમ–મારો; મનોમલં–મનનો મેલ (મનરૂપી દોષ); કૃષ્ણ–હે શ્રીકૃષ્ણ; (આપનાં) વસ્ત્ર પખાળીને (ધોઈને); નિવારય–દૂર કરો;

ભાવાર્થ :– મહાપુરુષોની સેવામાં બાધારૂપ તથા દુષ્ટજનોના સંસર્ગથી ઉત્પન્ન થયેલો મારો મનરૂપી દોષ, હે શ્રીકૃષ્ણ ! આપનાં વસ્ત્રો ધોવાથી દૂર કરો. (૭૯)

યથા ગોવર્ધને ભુક્તં ફલમૂલાદિકં હરે ।
રામેણ સખિભિઃ સાર્ધં પુલિંદીભિઃ સમર્પિતમ્ ॥૮૦॥

સંધિવિગ્રહ :– (મૂલાદિકં – મૂલ + આદિકં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– હરે–હે હરિ (શ્રીકૃષ્ણ); યથા–જેવી રીતે; ગોવર્ધને–શ્રીગોવર્ધન (પર્વત)માં; રામેણ સખિભિઃ–શ્રીબલરામજી તથા મિત્રોની; સાર્ધં–સાથે; પુલિંદીભિઃ–પુલિંદીઓને; સમર્પિતં–સમર્પેલાં; ફલમૂલાદિકં–ફળ અને કંદમૂળ વગેરે; (આપે) જેવી રીતે; ભુક્તં– આરોગેલાં – (૮૧ મો શ્લોક ૮૦ ની સાથે લેવો)

ભાવાર્થ :– હે હરિ – શ્રીકૃષ્ણ ! શ્રીબલરામજી તથા મિત્રોની સાથે પુલિંદીઓએ સમર્પેલાં ફળ અને કંદમૂળ વગેરે જેવી રીતે આપે આરોગેલાં (૮૦) (૮૦, ૮૧ શ્લોક સાથે લેવાના છે) (૮૦)

**તથા ફલાદિકં સર્વં ભુંક્ષ્વ ભાવાર્પિતં મયા ।**
**પુલિંદીવદ્ ભાવદાનાત્ સાર્થકં જન્મ મે કુરુ ॥૮૧॥**

સંધિવિગ્રહ :– (ભાવાર્પિતં – ભાવ+અર્પિતં); પુલિંદીવદ્ ભાવદાનાત્ – પુલિંદીવત્ + ભાવદાનાત્;

શબ્દાર્થ, અન્વયાર્થ :– તથા–તેવીરીતે; મયા–મેં; ભાવાર્પિતં–ભાવપૂર્વક અર્પણ કરેલાં; સર્વં ફલાદિકં–સર્વફળ વગેરે; ભુંક્ષ્વ–આરોગો; (જેવી રીતે) પુલિંદીવત્ – પુલિંદીઓની માફક; ભાવદાનાત્–તેમને ભાવનાં દાન દઈને (સાર્થક કર્યાં હતાં); (તેમ) મે જન્મ –મારો જન્મ; સાર્થકં કુરુ–સાર્થક કરો;

ભાવાર્થ :– તેવી રીતે, મેં ભાવપૂર્વક અર્પણ કરેલાં સર્વફળ વગેરે આરોગો; જેવી રીતે પુલિંદીઓને ભાવનાં દાન દઈ તેમને સાર્થક કર્યાં હતાં તેવી રીતે મારો જન્મ સાર્થક કરો. (૮૧)

**બલભદ્રાદયો ગોપા ગાવશ્ચાગ્રે ચ પૃષ્ઠતઃ ।**
**ગોપિકાવેષ્ટિતો મધ્યે રણદ્વેણુર્વ્રજાગમાત્ ॥૮૨॥**

સંધિવિગ્રહ :– બલભદ્રાદયો ગોપા ગાવશ્ચ – બલભદ્રાદયઃ + ગોપાઃ + ગાવઃ + ચ + અગ્રે; રણદ્વેણુર્વ્રજાગમાત્ – રણત્ + વેણુઃ + વ્રજાગમાત્; ગોપિકાવેષ્ટિતો મધ્યે – ગોપિકાવેષ્ટિતઃ + મધ્યે;



શબ્દાર્થ, અન્વયાર્થ :– બલભદ્રાદયઃ–બલભદ્ર વગેરે; (તથા) ગોપાઃ–ગોપાળો, ગ્વાલો; (તેમજ) અગ્રે–આગળ; ચ–અને; પૃષ્ઠતઃ–પાછળ; ગાવ–ગાયો; (તથા) ગોપિકાવેષ્ટિતઃ મધ્યે– શ્રીગોપીજનોના વચ્ચે વીંટળાયેલા (એવા આપ શ્રીકૃષ્ણ) વ્રજાગમાત્– વ્રજમાંથી આવતાં; વેણુઃ રણત્–વેણુનો રણકાર કરતા;

ભાવાર્થ :– શ્રીબલભદ્ર વગેરે તથા ગ્વાલો તેમજ આગળ અને પાછળ ગાયો અને શ્રીગોપીજનો વચ્ચે વીંટળાયેલા એવા આપ શ્રીગોપાલકૃષ્ણ વ્રજમાંથી (ઘેર) આવતા વેણુનો રણકાર કરતા. (૮૨)

**દિવા વિરહજં તાપં વ્રજસ્થાનાં યથા હૃતમ્ ।**
**તથા મલ્લોચને નાથ ! શિશિરીકુરુ સંતતમ્ ॥૮૩॥**

સંધિવિગ્રહ :– (મલ્લોચને – મત્ + લોચને);

શબ્દાર્થ, અન્વયાર્થ :– યથા–જેવી રીતે; વ્રજસ્થાનાં – (દિવસ દરમ્યાન ગાયો ચરાવવા વનમાં ગયા હોવાથી) વ્રજમાં રહેલાઓને; દિવા–દિવસ દરમ્યાન; વિરહજં તાપં–આપના વિરહથી ઉત્પન્ન થયેલો વિરહતાપ; હૃતં–આપે દૂર કર્યો; તથા–તેવી રીતે; નાથ–હે નાથ, હે કૃષ્ણ; મલ્લોચને–મારાં નેત્રોને; સંતતં–અવિરત; શિશિરીકુરુ–શીતલ કરો;

ભાવાર્થ :– હે નાથ, હે કૃષ્ણ ! જેવી રીતે વ્રજમાં રહેલાઓને દિવસ દરમ્યાન (આપ વનમાં ગાયો ચરાવવા ગયા હોવાથી), આપના વિરહથી ઉત્પન્ન થયેલો વિરહતાપ આપે દૂર કર્યો તેવી રીતે મારાં નેત્રોને આપ અવિરત શીતલ કરો. (૮૩)

**શ્રીમન્નંદયશોદાદિ-પ્રેમ્ણા ભુક્તં યથા વ્રજે ।**
**ભોજનં કુરુ ગોપીશ ! તથા પ્રેમાર્પિતં હરે ॥૮૪॥**

સંધિવિગ્રહ :– (શ્રીમન્નંદ – શ્રીમત્ + નંદ); (ગોપીશ – ગોપી + ઈશ); (પ્રેમાર્પિતં – પ્રેમ + અર્પિતં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– યથા – જેવી રીતે; વ્રજે – વ્રજમાં; શ્રીમન્નંદયશોદાદિ – શ્રીનંદયશોદા (રોહિણીજી)જી વગેરેએ; પ્રેમ્ણા–અર્પેલું ભોજન) આપે પ્રેમથી; ભુક્તં–આરોગેલું; તથા–તેવી રીતે; પ્રેમાર્પિતં ભોજનં–(મેં) પ્રેમપૂર્વક અર્પેલું ભોજન; ગોપીશ હરે–હે ગોપીશ; હે હરિ; કુરુ–કરો;

<u>ભાવાર્થ :–</u> હે ગોપીશ ! હે હરિ ! જેવી રીતે વ્રજમાં શ્રીનંદબાવા શ્રીયશોદાજી તથા શ્રીરોહિણીજી વગેરેએ અર્પેલું ભોજન આપે પ્રેમથી આરોગેલું તેવી રીતે મેં પ્રેમપૂર્વક અર્પેલું ભોજન આપ કરો. (૮૪)

રાધિકાશ્લેષાંતરાય – ભૂષણોત્તારણાત્ પ્રભો ।
નિશિ તત્કૃતશૃંગારાંગીકારાર્થં પ્રસીદ મે ॥૮૫॥

<u>સંધિવિગ્રહ :–</u> (રાધિકાશ્લેષાંતરાય – રાધિકા + આશ્લેષ + અંતરાય; (આશ્લેષ – આલિંગન); (ભૂષણોત્તારણાત્ – ભૂષણ + ઉત્તારણાત્); (શૃંગારાંગીકારાર્થં – શૃંગાર + અંગીકારાર્થ);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> રાધિકાશ્લેષાંતરાય – શ્રીરાધિકાજીના આલિંગનરૂપી અંતરાયને લીધે; ભૂષણોત્તારણાત્ – આપનાં આભૂષણો વડા કરવાં પડતાં; પ્રભો–હે પ્રભુ !; નિશિ–રાત્રિએ; તત્કૃત–તેમણે કરેલા; શૃંગારાંગીકારાર્થ–શૃંગાર અંગીકાર કરવા; મે–મારા ઉપર; પ્રસીદ–કૃપા કરો;

<u>ભાવાર્થ :–</u> હે પ્રભુ ! શ્રીરાધિકાજીના આલિંગન રૂપી અંતરાયને લીધે આભૂષણો ઉતારી લેવા પડેલાં તે તેમણે રાત્રિએ કરેલા શૃંગાર અંગીકાર કરવા મારા ઉપર કૃપા કરો. (૮૫)

વ્રજે સ્વાનંદતઃ દોહં બલેન સહ ગોપકૈઃ ।
કૃત્વા પીતં પયઃફેનં તથા પિબ વ્રજાધિપ ॥૮૬॥

<u>સંધિવિગ્રહ :–</u> – – – –

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજાધિપ–હે વ્રજરાજ શ્રીકૃષ્ણ; (યથા–જેમ); વ્રજે–વ્રજમાં; બલેન બાલકૈઃ–શ્રીબલરામ અને ગોપ–બાળકો; સહ–સાથે; સ્વાનંદતા–નિજાનંદથી; દોહં કૃત્વા–(ગો) દોહન કરીને; પયઃફેનં–ફીણવાળું દૂધ (ધૈયા); પીતં–પીધું; તથા–તેમ; (મમ ગૃહે) મારે ઘેર; પિબ–ફીણવાળું દૂધ પીઓ;

<u>ભાવાર્થ :–</u> હે વ્રજરાજ શ્રીકૃષ્ણ ! જેમ વ્રજમાં શ્રીબલરામ અને ગોપબાળકો સાથે નિજાનંદથી ગોદોહન કરીને ફીણવાળું દૂધ (ધૈયા) પીધું તેમ મારે ઘેર ફીણવાળું દૂધ પીઓ. (૮૬)



વાસરીયવિયોગાર્ત – રાધિકાસ્યાવલોકને ।
દીપાર્પણાદ્ ગોપિકેશ ! પ્રસીદ કરુણાનિધે ॥૮૭॥

<u>સંધિવિગ્રહ :–</u> (વિયોગાર્ત – વિયોગ + આર્ત) (રાધિકાસ્યાવલોકને – રાધિકા + આસ્ય + અવલોકને); દીપાર્પણાદ્ ગોપિકેશ – દીપાર્પણાત્ + ગોપિકેશ (દીપાર્પણ – દીપ + અર્પણ);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વાસરીય–દિવસ દરમ્યાન થયેલા; વિયોગાર્ત–વિયોગથી દુઃખી; રાધિકા–શ્રીરાધિકાજીના; આસ્ય–મુખ (કમલ)ને; અવલોકને–નીરખતા; ગોપિકેશ કરુણાનિધે–હે કરુણાનિધિ ગોપીનાથ; દીપાર્પણાત્–(આપને) દીપ અર્પણ; પ્રસીદ–કૃપા કરો;

<u>ભાવાર્થ :–</u> હે–કરુણાનિધિ ગોપીનાથ ! દિવસ દરમ્યાન વિયોગથી દુઃખી એવાં શ્રીરાધિકાજીના મુખકમલને નીરખવા દીપ અર્પણ કરું છું. મારા ઉપર આપ કૃપા કરો. (૮૭)

દુગ્ધાન્નાદિ યથા ભુક્તં રોહિણ્યુપહૃતં નિશિ ।
વ્રજનાયક ! ભોક્તવ્યં તથૈવ હિ મદર્પિતમ્ ॥૮૮॥

<u>સંધિવિગ્રહ :–</u> (દુગ્ધાન્નાદિ – દુગ્ધ + અન્નઆદિ); (રોહિણ્યુપહર્તં – રોહિણી + ઉપહતં); તથૈવ–તથા + એવ; મદર્પિતં – મત્ + અર્પિતં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> વ્રજનાયક–હે વ્રજનાયક શ્રીકૃષ્ણ; યથા–જેમ; નિશિ–રાત્રે; રોહિણી ઉપહૃતં–શ્રી રોહિણીજીએ ધરેલાં; દુગ્ધાન્નાદિ – દૂધ વગેરે વાનગીઓ; ભુક્તં–આપ આરોગ્યા; તથા એવ–તેવી જ રીતે; મત્ અર્પિતં–મેં અર્પેલી વાનગીઓ; હિ–આપે ખરેખર ભોક્તવ્યં–આરોગવી જોઈએ;

<u>ભાવાર્થ :–</u> હે વ્રજનાથ શ્રીકૃષ્ણ ! જેવી રીતે રાત્રે શ્રીરોહિણીજીએ ધરેલી દૂધ વગેરે વાનગીઓ આપ આરોગ્યા તેવી જ રીતે  ખરેખર મેં અર્પેલી વાનગીઓ આપે આરોગવી જોઈએ (આપ આરોગો). (૮૮)

ભાવાત્મકાસ્મદ્હૃદયપર્યંકે શેષરૂપકે ।
રમસ્વ રાધયા કૃષ્ણ ! શય્યાનો રસભાવતઃ ॥૮૯॥

સંધિવિગ્રહ :– (ભાવાત્મકાસ્મદ્દહૃદય – ભાવાત્મક + અસ્મત્‌ત્રહૃદય); શયાનો રસભાવતઃ – શયાનઃ + રસભાવતઃ; (પર્યંક–શય્યા)

શબ્દાર્થ, અન્વયાર્થ :– ભાવાત્મકાસ્મદ્દહૃદયપર્યંકે–ભાવાત્મક એવા મારા હૃદયરૂપી શય્યા–પલંગમાં; શેષરૂપકે–શેષરૂપી (શય્યામાં); રસભાવતઃ (શૃંગાર)રસના ભાવથી; શયાનઃ–શયન કરતા; કૃષ્ણ–હે કૃષ્ણ; (આપ) રાધયા–શ્રીરાધાજીની (સાથે); રમસ્વ–રમણ કરો;

ભાવાર્થ :– ભાવાત્મક એવા મારી હૃદયરૂપી તથા શેષરૂપી શય્યામાં શૃંગારરસના ભાવથી શયન કરતા હે શ્રીકૃષ્ણ ! આપ શ્રીરાધાજીની સાથે રમણ કરો. (૮૯)

(પૃથ્વી છંદ)

અયિ વ્રજસખિ વ્રજવધૂકદંબાંબિકા –
સમર્હણફલીભવચ્ચરણપંકજસ્યાન્તિકમ્ ।
નિતંબમિલદંબરક્વણિતહેમદામાંગના –
વૃતસ્ય નલિનાવલીપ્રતિભટપ્રભસ્ય દ્રુતમ્ ॥૯૦॥

સંધિવિગ્રહ :– (કદંબાંબિકા – કદંબ + અંબિકા); (ભવચ્ચરણ – ભવત્ + ચરણ); (પંકજસ્યાંતિકં – પંકજસ્ય + અંતિકં); (મિલદંબર – મિલત્ + અંબર); (દામાંગના–દામ + અંગના); (નલિનાવલી – નલિન + આવલી);

શબ્દાર્થ, અન્વાયાર્થ :– અયિ વ્રજસખિ–હે વ્રજસખી; વ્રજવધૂ–વ્રજનારી દ્વારા; કદબાંબિકા સમર્હણફલી–કદંબ વૃક્ષ નજીક અંબિકાના ફળપ્રદ પૂજનથી; ભવત્–આપના (પ્રભુના); ચરણપંકજસ્ય–ચરણકમળની; (તથા) નિતંબમિલત્ – નિતંબ સાથે જોડાતા; અંબરક્વણિત–વસ્ત્રના અવાજથી; હેમદામઅંગના–સુવર્ણમાળાઓ ધારણ કરેલી વ્રજવધૂઓથી; વૃતસ્ય–વીંટળાયેલા; નલિનાવલી–કમળના સમૂહના; પ્રતિભટ–હરીફ સમા; પ્રભસ્ય–પ્રભાવાળા–(શ્રીકૃષ્ણ)ની; અંતિકં–પાસે; દ્રુતં–જલદી; વ્રજ–જા.

ભાવાર્થ :– હે વ્રજસખી ! વ્રજનારી દ્વારા કદંબવૃક્ષ નજીક અંબિકાના ફળપ્રદ પૂજનથી આપ (પ્રભુ)નાં ચરણકમળની પાસે તથા નિતંબ સાથે જોડાતા વસ્ત્રના અવાજથી સુવર્ણમાળાઓ ધારણ કરેલી વ્રજવધૂઓથી વીંટળાયેલા કમળના સમૂહના હરીફ સમા પ્રભાવાળા (શ્રીકૃષ્ણ)ની પાસે જલદી જા. (૯૦)



નિર્ભરં ક્રીડતોરાલિ ! કુંજે વિગતવાસસોઃ ।
અન્યોન્યપ્રભયૈવાસીદ્ અન્યોન્યસ્યોચિતાંશુકમ્ ॥૯૧॥

સંધિવિગ્રહ :– ક્રીડતોરાલિ – ક્રીડતોઃ + આલિ;((પ્રભયૈવાસીદ્ અન્યોન્ય – સ્યોચિતંશુક પ્રભયા + એવ + આસીત્ + અન્યોન્યસ્ય + ઉચિતાંશુકં;) (ઉચિતાંશુકં – ઉચિત + અંશુકં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– આલિ – હે સખી (આલિ–ભ્રમર, સખી); કુંજે–કુંજમાં; નિર્ભરં–ગાઢ રીતે; ક્રીડતોઃ–ક્રીડા (રમણ) કરતા; અન્યોન્યસ્ય–એકબીજાનાં; ઉચિત અંશુકં–રોજનાં વસ્ત્ર (ઉચિત–યોગ્ય) રોજનું પરિચિત; અન્યોન્યપ્રભયા–એક બીજાનાં (વસ્ત્રોના) તેજથી; એવ–જ; આસીત્–(શોભતાં) હતાં;

ભાવાર્થ :– હે સખી ! કુંજમાં ગાઢ રીતે ક્રીડા (રમણ) કરતા એકબીજાનાં રોજનાં વસ્ત્ર એકબીજાનાં વસ્ત્રોના તેજથી જ શોભતાં હતાં (૯૧)

(પૃથ્વી છંદ)

રતિશ્રમશયાનયોરલસલોચનાંભોજયોઃ
કલં કિમપિ કૂજતોરભિમુખં મિથઃ સસ્મિતમ્ ।
રતાંગભરિતાંકયો મિલિતજાનુસંવાહને
પદાંબુજતલાનિ મદ્દહૃદિ લુઠન્તિ રાધેશયોઃ ॥૯૨॥

સંધિવિગ્રહ :– (શયાનયોરલસલોચનાંભોજયોઃ – શયાનયોઃ+ અલસલોચન + અંભોજયોઃ); કિમપિ – કિં + અપિ; કૂજતોરભિમુખં – કૂજતોઃ + અભિમુખં; (રતાંગભરિતાંકયોર્મિલિત – રત + અંગભરિત + અંકયોઃ+ મિલિત); (પદાંબુજ – પદ + અંબુજ); મદ્દહૃદિ – મત્ + હૃદિ; (રાધેશયોઃ – રાધા + ઈશયોઃ); (શયાનયઃ – (રતિશ્રમશય) શય–સૂતેલાં;)

શબ્દાર્થ, અન્વયાર્થ :– કિમપિ–કંઈક; સસ્મિતં–સ્મિતયુકત; કલં મધુર, કૂજતઃ–કૂજન કરવા; મિથઃ અભિમુખં–પરસ્પરને સન્મુખ એવા; રતિશ્રમશય–ક્રીડાના શ્રમથી–સૂતેલા; અનયોઃ રાધેશયોઃ–આ બે (યુગલ) રાધા

અને કૃષ્ણના; લોચન અંભોજયોઃ–નેત્રકમલોના; રતાંગ–આનંદસભર અંગના; અંકયોઃ–ગોદ (સાથે); મિલિત–જોડાયેલા; સંવાદને–હળવેથી દબાતા; જાનુ–ઘૂંટણો (અને); પદાંબુજતલાનિ –ચરણકમળતલો; મત્–મારા, હૃદિ–હૃદય ઉપર; લુઠન્તુ–આળોટો;

<u>ભાવાર્થ :–</u> કાંઈક સ્મિતયુકત મધુર કૂજન કરતા, પરસ્પરને સન્મુખ એવા ક્રીડાના શ્રમથી સૂતેલા આ બે (યુગલ) રાધા અને કૃષ્ણનાં નેત્રકમલોના, (તથા) આનંદસભર અંગના ગોદ સાથે ચરણકમળતલો મારા હૃદય ઉપર આળોટો. (૯૨)

**કેલિશ્રાંતશયાનશ્રીરાધાશ્રીશપદસરોજાનિ ।**
**કૃપયા કૃતાનિ મદુરસિ કદા નુ સંલાલયિષ્યેઽહમ્ ॥૯૩॥**

<u>સંધિવિગ્રહ :–</u> (શ્રીશ–શ્રી + ઈશ); મદુરસિ–મત્ + ઉરસિ; સંલાલયિષ્યેઽહં –સંલાલયિષ્યે+ અહં; (શ્રી ઈસ–શ્રીરાધાના ઈષ્ટ–શ્રીકૃષ્ણના);

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> કૃપયા કૃતાનિ–આપે (પ્રભુજીએ) કૃપાથી કરેલા; કેલિ–વિલાસથી; શ્રાંત–થાકેલા; શયાન–શયન કરતા; શ્રીરાધા–શ્રીરાધિકાજી; (તથા) શ્રીશ–શ્રીકૃષ્ણનાં; પદસરોજાનિ – ચરણકમળોને; મત્ ઉરસિ–મારા હૃદય ઉપર; અહં–હું; નુ–ખરેખર; કદા–ક્યારે; સંલાલયિષ્યે–લાડ લડાવીશ;

<u>ભાવાર્થ :–</u> આપ પ્રભુએ કૃપાથી કરેલા – વિલાસથી થાકેલા; શયન કરતા શ્રીરાધિકાજી તથા શ્રીકૃષ્ણનાં ચરણકમળોને મારા હૃદય (છાતી) ઉપર હું ખરેખર ક્યારે લાડ લડાવીશ ? (૯૩)

**પ્રાતઃ કુંજગૃહાદ્ બહિર્યદિ સમાગત્ય સ્થિતા ત્વં**
**ભવસ્યંભોજાક્ષિ દદાસિ ચર્વિતમિદં ચાકાર્ય હસ્તેન તુ ।**
**તાંબૂલસ્ય યદા પુનસ્તદિહ સચ્છિદ્રસ્ય મુકત્યાપિ ચ**
**કાર્યં હિ સતતં પ્રસીદસિ યદિ ત્વં સ્વામિનીત્થં તદા ॥૯૪॥**

<u>સંધિવિગ્રહ :–</u> (કુંજગૃહાદ્ બહિર્યદિ – કુંજગૃહાત્ + બહિઃ + યદિ); ભવસ્યંભોજાક્ષિ – ભવસિ + અંભોજાક્ષિ (અંભોજાક્ષિ–અંભોજ + અક્ષિ; ચર્વિતમિદં – ચર્વિતં + ઈદં; ચાકાર્ય – ચ + આકાર્ય; પુનસ્તદિહ – પુનઃ+



તત્ + ઈહ; મુકત્યાપિ – મુકલત્યા + અપિ; સ્વામિનીત્થં – સ્વામિનિ+ ઈત્થં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> અંભોજાક્ષિ સ્વામિનિ–હે કમલનયના સ્વામિનીજી; યદિ–જો (જયારે); ત્વં–આપ; પ્રાતઃ–સવારમાં; કુંજગૃહાત્ બહિઃ–કુંજભવનની બહાર; સમાગત્ય–આવીને; સ્થિતા ભવસિ–ઊભા રહો છો (બિરાજો છો); ચ–અને; તવ–આપનું; ઈદં ચર્વિતં–આ ચર્વિત; સચ્છિદ્રસ્ય–સછિદ્ર (છિદ્રવાળું); તાંબૂલસ્ય–તાંબૂલ (પાન–બીડું); (હસ્તેન–સ્વહસ્તથી); આકાર્ય–(મારી) નજીક લાવીને; સતતં પ્રસીદસિ–સતત પ્રસન્ન થઈને; દદાસિ–(મને) આપો; પુનઃ તત્ ઈહ–તો પછી; ઈત્થં–આમ; મુકત્યા અપિ હિ–(મને) મુકિતથી (મુકિતનું) પણ; (કિં) કાર્યં–શું કાર્ય (પ્રયોજન);

<u>ભાવાર્થ :–</u> હે કમલનયના સ્વામિનીજી ! જયારે આપ સવારમાં કુંજભવનમાંથી બહાર આવીને ઊભા રહો છો (બિરાજો છો) અને આપનું આ ચર્વિત છિદ્રવાળું તાંબૂલ (પાન–બીડું) સ્વહસ્તે મારી નજીક લાવીને, સતત પ્રસન્ન થઈને મને આપો તો, તો પછી આમ મને મુકિતનું પણ શું પ્રયોજન ? (૯૪)

**શ્રીવલ્લભાચાર્યમતે ફલં તત્પ્રાકટ્યમ્ અત્ર અવ્યભિચારિહેતુઃ .**
**પ્રેમૈવ તસ્મિન્ નવધોકતભકિતઃ તત્રોપયોગોઽખિલસાધનાનામ્ ..૯૫..**

<u>સંધિવિગ્રહ :–</u> તત્પ્રાકલટ્યમત્રાવ્યભિચારિહેતુઃ – તત્ + પ્રાકટ્યં + અત્ર + અવ્યભિચારિહેતુઃ; પ્રેમૈવ–પ્રેમ + એવ; (નવધોકલત – નવધા + ઉકત); તત્રોપયોગેઽખિલસાધનાનાં – તત્ર + ઉપયોગઃ + અખિલસાધનાનાં;

<u>શબ્દાર્થ, અન્વયાર્થ :–</u> શ્રીવલ્લભાચાર્યમતે–શ્રીવલ્લભાચાર્યજીના મત પ્રમાણે; અવ્યભિચારિહેતુઃ–પવિત્ર હેતુરૂપી; તત્ ફલં પ્રાકટ્યં–તેનું ફલ–પ્રાકટ્ય છે; તસ્મિન્–તેમાં; પ્રેમ (નો); એવ–જ; નવધોકતભકિતઃ – નવ પ્રકારની કહેલી ભકિતથી; અખિલસાધનાનાં–સર્વ સાધનોનો; તત્ર–ત્યાં; ઉપયોગઃ–ઉપયોગ થાય;

ભાવાર્થ :– શ્રીવલ્લભાચાર્યજીના મત પ્રમાણે ફળ પ્રભુનું પ્રાકટ્ય છે. તેમાં હેતુ પ્રેમ છે. નવ પ્રકારની કહેલી ભક્તિથી સર્વ સાધનનો ત્યાં ઉપયોગ થાય છે. (૯૫)

તતો યદિન્દીવરસુંદરાક્ષીવૃતસ્ય વૃંદાવનનંદિતાહ્નેઃ ।
સર્વાત્મભાવેન સદાસ્યલાસ્યમસ્યાનિશં સાનુ ફલાનુભૂતિઃ ॥૯૬॥

સંધિવિગ્રહ :– તતો યદિંદીવરસુંદરાક્ષીવૃતસ્ય – તતઃ + યત્+ઈંદીવરસુંદર+ અક્ષીવૃતસ્ય; નંદિતાહ્નેઃ – નંદિત + અહ્નેઃ; (લાસ્યમસ્યાનિશં – લાસ્યં+ અસ્ય + અનિશં);

શબ્દાર્થ, અન્વયાર્થ :– તતઃ–પછી; વૃંદાવનનંદિત અહ્નેઃ–શ્રીવૃંદાવનનો વૃક્ષતલ જેમનાથી પ્રસન્ન છે એવા; યદ્–જે; ઈંદીવરસુંદરાક્ષીવૃતસ્ય– નીલકમલ જેવી સુંદર આંખવાળા (શ્રીકૃષ્ણ)ના; સર્વાત્મભાવેન– સર્વાત્મભાવથી; સદાસ્ય–દાસ્યપૂર્વકના; લાસ્યં–ભાવસભર નૃત્યથી; અસ્ય–એના; અનિશં–નિરંતર; સાનુ–ઉત્તમ; ફલાનુભૂતિઃ–ફળની અનુભૂતિ કરાવે છે;

ભાવાર્થ :– પછી શ્રીવૃંદાવનનાં વૃક્ષતલ જેમનાથી પ્રસન્ન છે એવા જે નીલકમલ જેવી સુંદર આંખવાળા શ્રીકૃષ્ણના સર્વાત્મભાવથી દાસ્યપૂર્વકના ભાવસભર નૃત્યથી એના નિરંતર ઉત્તમ ફળની અનુભૂતિ કરાવે છે. (૯૬)

卐 卐 卐 卐 卐 卐 卐



શુદ્ધિપત્ર

| પાન નંબર | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| પ્રસ્તાવના | નીચેથી ત્રીજી લીટી | શ્રીકૃષ્ણકૃષ્ણસ્ય | શ્રીકૃષ્ણકૃષ્ણસ્ય |
| ૧ | પાંચમી | પ્રાર્થયિત્વા | પ્રાર્થયિત્વા |
| ૧ | શ્લોક ૧ સંધિવિગ્રહ | નમસ્તપ્રલંકરોતિ | નમસ્તઽલંકરોતિ |
| ૧ | શ્લોક ૧ સંધિવિગ્રહ | નમઃ +તત્ર | નમઃ+ત+ |
| ૧ | છેલ્લી લીટી | અલંકરોતિ | અલંકરોમિ |
| ૨ | શ્લોક ૩ | આત્મનાપ્રજ્ઞાન | આત્મનાઽજ્ઞાન |
| ૨ | સંધિવિગ્રહ(શ્લોક૩) | આત્મનાપ્રજ્ઞાન | આત્મનાઽજ્ઞાન |
| ૩ | પહેલી લીટી | આત્મના | આત્મનઃ |
| ૩ | શ્લોક૪ સંધિવિગ્રહ | મનુપ્રહંદ | મનુ+હૃંદ |
| ૩ | શ્લોક૪ શબ્દાર્થ | હંદ | હૃંદ |
| ૩ | શ્લોક ૫ સંધિવિગ્રહ | તદ્રુપમેવ | તદ્રૂપમેવ |
| ૪ | બીજી લીટી | ગુણધર્મ વાળા | ગુણધર્મવાળા |
| ૫ | શ્લોક ૭ સંધિવિગ્રહ | અંગીકૃરુષ્વ | અંગીકુરુષ્વ |
| ૫ | પહેલી લીટી | મનુ+હૃદ્ત્રધામ | મનુ+હૃદ+ધામ |
| ૫ | બીજી લીટી | હૃદ્ત્રધામ | હૃદ+ધામ |
| ૫ | બીજી લીટી | ગોકુલત્રઅધીશ | ગોકુલ+અધીશ |
| ૫ | શ્લોક ૧૦ સંધિવિગ્રહ | યાદૃશોપ્રસ્તિ | યાદૃશોઽસ્તિ |
| ૬ | શ્લોક ૧૧ સંધિવિગ્રહ | નમ.ત્રઅસ્તુ | નમઃ+અસ્તુ |
| ૭ | પહેલી લીટી | પાદત્રઅંબુજ | પાદ+અંબુજ |
| ૮ | શ્લોક૧૫ બીજીલીટી | ભુક્ત્તતેઽધિકં | ભુક્તેઽધિકં |
| ૮ | છેલ્લી લીટી | રાધાત્રઅધર... | રાધા+અધર.. |
| ૯ | શ્લોક ૧૮ | નવલાસ્યંપ્રસ્મિન્ | નવલાસ્યંઽસ્મિન્ |
| ૯ | શ્લોક ૧૮ સંધિવિગ્રહ | નવલાસ્યંપ્રસ્મિન્ | નવલાસ્યંઽસ્મિન્ |
| ૧૦ | શ્લોક ૧૯ સંધિવિગ્રહ | પ્રાકલટ્યાદ | પ્રાકટ્યાત્ |
| ૧૦ | શ્લોક ૧૯ સંધિવિગ્રહ | પ્રાકલટ્યાત્+ભુજ | પ્રાકલટ્યાત્+મુસ્ત્ર |
| ૧૧ | શ્લોક ૨૧ સંધિવિગ્રહ | સ્વદત્તાદ્વાદ્ | સ્વદત્તાત્વાદ્ |
| ૧૧ | શ્લોક ૨૩ સંધિવિગ્રહ | ભક્તતેભ્યા | ભક્તેભ્યા |
| ૧૧ | બીજી લીટી | ભક્તતેભ્ય. | ભક્તેભ્યઃ |
| ૧૨ | પાંચમી લીટી | ભક્તતાને | ભક્તાને |
| ૧૨ | શ્લોક ૨૫ સંધિવિગ્રહ | પરિમિલિત | પરિમિલિત |
| ૧૩ | ત્રીજી લીટી | કુરુષ્વત્રઆચમનં | કુરુષ્વ+આચમનં |
| ૧૩ | ચોથી લીટી | આત્મદંતસકલત | આત્મદંતસકલ |
| ૧૩ | ચોથી લીટી | સકલતાન્ય | સકતાન્ય |
| ૧૩ | શ્લોક ૨૬ ભાવાર્થ | સ્નેહપુત્ન | સ્નેહપુત્ર |
| ૧૩ | શ્લોક ૨૦ સંધિવિગ્રહ | રાન્નાધિકરોષત | રાધિકરોષત |
| ૧૬ | આઠમી લીટી | બર્હિતલ | બર્હિ |
| ૧૬ | શ્લોક ૩૩ | બર્હિતલ | બર્હિ |